૬૫૦૨

રજપુતાણાના દેશી રાજ્યો.

પ્રસીદ્ધ કર્તા

ભાટીયા

પરશોતમદાસ વીસરામ માવજી.

મુંબઈ મધે,

મુંબઇ વર્તમાન પ્રેસમાં છાપ્યો.

ચંદનવાડી નં૰ ૧૪૧.

સંવત ૧૯૫૪—સને ૧૮૯૮.

પ્રસ્તાવના.

—:o:—

ઇતિહાસ તથા અજાણ્યા દેશોની મુસાફરીનાં વર્ણનનાં પુસ્તકો લોકોને રમુજ સાથે જ્ઞાન આપે છે. તેથી જો એ બાબતોના સારા અને સસ્તાં પુસ્તકો આપણી ગુજરાતી ભાષામાં પ્રગટ કરવામાં આવે તો લોકોની વાંચનની રૂચી વધે. અને તેઓમાં એ અગત્યની બાબતોનું જ્ઞાન પ્રસરે.

આ જાતના પુસ્તકોની અગત્ય ઘણાંક વિદ્વાનોએ સ્વીકારી છે. આ સઘળી બાબતો મારા લક્ષમાં—રમતી હોવાથી જ્યારે મારા વાચવામાં આપણા દેશના ઇતિહાસ સંબંધી ઇંગ્રેજી પુસ્તકો આવ્યાં ત્યારે તેમનું અનુકરણ કરી ગુર્જર વાંચક વર્ગ સમીપ ધરવાની મારી ઇચ્છા થઇ. તે ઇચ્છાનુસાર આપણા માનીતા રજપૂત રા

જ્યના મુખ્ય દેશ—રજપુતાણાના અઢાર રાજ્યોનો ટુંક ને જાણવા જોગ હેવાલ ગુર્જર વાચક વર્ગ સમીપ ધરૂ છઉ–તે જો વાંચક વર્ગને રૂચીકર થશે તો મેં તૈયાર કરવા માંડેલી **"હિંદના મોટા દેશી રાજ્યો"** ના ઇતિહાસનું બીજું પુસ્તક બાહાર પાડવાને મને ઉત્તેજન મળશે.

આ મારો પહેલો પ્રયત્ન છે, માટે એમાં કાંઈક ખોડખાપણ રહી ગઇ હશે, તે જો વિદ્વજનો બતાવશે તો બીજી આવૃત્તી સમે સુધારવામાં આવશે.

મહાલક્ષ્મી—
શ્રાવણ માસ ૧૯૫૪. } લા૦ કર્તા.

અનુક્રમણીકા.

૬૯૦૨

"રજપુતાણાના દેશી રાજ્યો."

પ્રકરણ ૧ લું.

રજપુતાણા.

સીમા—વીસ્તાર ૧૩૦,૦૦૦ ચો. મા.; વસ્તી (ઇ. સ. ૧૮૯૧) ૧૨,૩૦૦,૧૫૦. સીમાઃ—પશ્ચીમે સીંધ, વાવ્ય દીશાએ ભાવલપુર, ઉત્તરે તથા પૂર્વે પંજાબ અને વાવ્ય પ્રાંત, અને દક્ષીણે ગોવાલીયરનું તથા બીજા દેશી રાજ્યો.

એ દેશમાં અંગ્રેજ સરકારના અજમેર મેરવાડાના પરગણા સુધાં વીસ જુદાં જુદાં રાજ્યો આવેલાં છે.

ડુંગરો—અરાવળીના પર્વતો દેશની ઈશાન અને નૈરૂત્ય દીશા તરફ આવેલા છે. આબુ પર્વત અરાવળીની નૈરૂત્ય દીશા તરફ ગયલી શાખાના છેડાપર આવેલો છે. અને એ શીવાય બીજી નાની નાની ઘણી ટેકરીઓ આવેલી છે.

નદીઓ—લુણી નદી જૈપુરની ખીણમાંથી નીકળી કચ્છના રણમાં પડે છે. એ શીવાય બીજી ચંબલ, બનાસ, સાબરમતી અને મહી નામની મોટી મોટી નદીઓ છે.

સરોવર—રજપુતાણામાં એકપણ કુદ્રતી મીઠાં પાણીનું સરોવર નથી, પણ એક સાંભર નામનું ખારા પાણીનું પ્રખ્યાત સરોવર છે. બીજાં જયસંમદ્ય વગેરે મોટાં સરોવરો બંધાવેલાં છે.

હવા—રજપુતાણાના પશ્ચીમ વિભાગમાં સરાસરી ૧૪ ઇંચ જેટલો, અગ્નીકોણ તરફ

સરાસરી ૩૪ ઈંચ જેટલો, અને જયપુર તરફ સરાસરી ૨૪ ઈંચ જેટલો વરસાદ પડે છે. ઉનાળામાં સખત ગરમી પડે છે. ઉત્તર બાજુ શીયાળામાં સખત ટાઢ પડે છે. ઉનાળામાં પણ રાતના કેટલીક વખત ઠંડી પડે છે.

લોકો—રજપૂતો જોકે રાજકર્તા કોમ છે તોપણ ઈ૦ સ૦ ૧૮૮૧ ની ગણત્રી પ્રમાણે તેઓની સંખ્યા ફક્ત ૪૮૦,૦૦૦ ની હતી. બ્રાહ્મણો ૮૦૬,૦૦૦, મહાજન ૬૩૪,૦૦૦, ચમાર, ૫૬૭,૦૦૦, મીણા ૪૨૮,૦૦૦, ગુજજર ૪૦૩,૦૦૦, જાટ ૪૨૬,૦૦૦, આહીર ૧૩૧,૦૦૦, હતા.

રજપૂતો પોતાને સૂર્યવંશથી ઉતરી આવેલા જણાવે છે. રજપૂતો અને જાટો એકજ વંશ ઉપરથી ઉતરેલા સંભવે છે. ગુજજર અને જાટ

ઘણા ખરા ખેડુતો છે. ભીલો રજપુતાણાના અસલ રહેવાસી છે. ભીલોની સંખ્યા ૨૭૦,૦૦૦ ની છે. તેઓ જંગલમાં અને ડુંગરાઓમાં રહે છે; અને ઘણા ખરા સ્વતંત્ર છે. તેઓ પોતાના નાયકોને તાબે રહે છે. મીણાઓ ખેડુત છે. તેઓ અરાવળીની ટોંચપર રહે છે. થોડાક ખેતીનું કામ કરે છે અને ઘણા લૂંટનો ધંધો કરે છે.

ખેતી—દેશની વાવ્ય દીશામાં વરસનો એક પાક તથા અરાવળીની દક્ષીણે તથા પૂર્વે વરસના બે પાક ઉતરે છે. જેમાં ઘંઊ, ચણા, જવ, અફીણ, તલ, શેરડી અને રૂ એ મુખ્ય છે.

ઢોરો—પશ્ચિમ બાજુનાં રાની મુલકમાં ઊંટ, મેંઢા, અને બીજા ઢોરો ઘણા થાય છે.

ઉદ્યોગ; ધંધો—જ્યારે ઘણા લોકો ખેતી વાડીના કામમાં રોકાયલા છે ત્યારે શરાફી, અને

વેપાર માત્ર મહોટા શહેરોમાં ચાલે છે. મારવાડીઓ શરાફી અને પૈસાની ધીરધાર માટે આખા હીંદુસ્થાનમાં પંકાયલા છે.

નીકાશ—મીઠું, અનાજ, અફીણ, રૂ, ઢોર અને મેંઢાની મુખ્ય નીકાશ છે.

ઇતિહાસ—રજપુતાણાના અસલ વતની ભીલ લોકો છે. રજપૂતો અત્રે કયારે દાખલ થયા એ ચોકસ જણાયલું નથી. રાઠોડો કે જેઓની રાજધાની કનોજ હતી તેઓએ આ દેશમાં ઘણાં વર્ષો સુધી રાજ કરેલું છે. અગ્યારમી સદીમાં જ્યારે મહમદ ગીઝનવીએ હીંદુસ્થાનપર ચઢાઈઓ કરી ત્યારે અણહીલવાડના સોલંકી, અજમેરના ચોહાણ, ઘેલોટી, અને કચ્છવાહ જાતના રજપુતો અત્રે રાજકર્તા હતા. જે મોટા રાજ્યોમાં ભીલો વસે છે, તે રાજ્યના રાજાઓને જ્યારે ગાદીએ બેસાડવાની ક્રીયા કરવાની

હોય છે ત્યારે ભીલોનો મુખી કે જેને વંશ પરમંપરા રાજ્ય તીલક કરવાનો હક હોય છે તે તેને તીલક કરે છે. જ્યાંસુધી એ મુખી રાજાને તીલક કરતો નથી ત્યાંસુધી ભીલો તેને પોતાના રાજા તરીકે માનતા નથી.

રજપૂતો અને મુસલમાનો વચ્ચે ઘણી જુદી જુદી લડાઇઓ થયેલી છે. સોલમી સદીમાં મેવાડ ના પ્રતાપી મહારાણા સંગ્રામસીંહ (સંગ રાણા) ના હાથ નીચે રજપુતોની સર્વોપરી સત્તા જામી; પણ એ થોડો વખત સુધી રહી. કારણકે સંગરાણા એ માળવાની રાજધાની લીધા પછી એક મહીને મોગલ રાજા બાબરે ઇ૦ સ૦ ૧૫૨૬ માં દીલ્લી લીધું. ઇ૦ સ૦ ૧૫૨૭ માં મહારાણા સંગ અને બાબર વચ્ચે સીકરી આગળ મ્હોટી લડાઇ થઈ તેમાં રાણાની હાર થઈ અને રજપૂતોનો ઘણો

ધાણુ નીકળી ગયો. મહાન અકબર એ મોટા રજપૂત રાજાની કુંવરીઓ વેરે પરણ્યો હતો. તેણે તે રાજાઓને અને તેના ન્નાતી બંધુઓને પોતાના લશ્કરમાં મોટા મોટા ઓધ્ધાઓ આપ્યા હતા; અને થોડા વખતમાં બધા રાજાઓ મોગલ રાજ્યના ખંડીયા થયા.

ઇ૦ સ૦ ૧૭૫૩ની લગભગ મરાઠાઓએ રાઠોડની એક ટોળીનાં બોલાવ્યાથી આવીને અજમેર લીધું. ઈ૦ સ૦ ૧૮૦૩ની સાલમાં વાવ્ય વીભાગ વગર આખું રજપુતાણુ મરાઠાઓને તાબે થયું, જેઓ રાજાઓ પાસેથી ખંડણી લેતા હતા; બદલા તરીકે શેહેરો કબજે કરતા હતા; મુલકો પોતાના રાજ સાથે જોડી નાંખતા હતા અને જુલમ ગુજારતા હતા.

પછવાડેથી એ દેશ પીંઢારાઓથી ઘણુ ખમ્યુ

છે; જ્યારે જયપુર અને જોધપુરના રાજ્યો ઉદય પુરના રાણાની કુંવરી કૃષ્ણાકુમારીને પરણવાને માટે માંહોમાહે લડીને પાયમાલ થઇ ગયા હતા.

ઇ૦ સ૦ ૧૮૧૭માં મારકવીસ હેસ્ટીંગ્સ પીંઢારાઓનું નીકંદન કાઢવામાં ફતેહ પામ્યો; અને મરેઠાઓને રજપુતાણા છોડવાની ફરજ પાડી, એણે રજપૂત રાજાઓની સાથે તહનામા કર્યા. અને એ લોકોની ખુચવી લીધેલી જમીન તેમને પાછી અપાવી, અને તેમના રાજની હદ નકી કરી. એ વખતથી દેશમાં સલાહશાંતી રહી છે; અને આસ્તે આસ્તે દેશ આબાદ થતો જાય છે.

ધર્મ—વસ્તીનો મોટો ભાગ હીંદુ ધર્મ પાલ નારો છે. લોકોમાં જ્યોતીસ શાસ્ત્ર વધારે ચાલે છે; અને ભુત પ્રેતનો વહેમ હજીપણ જબરો છે.

મહાજનમાંના ઘણાખરા જૈન ધર્મી છે. બુધ્ધ ધર્મવાળાઓની જેમ જૈનો ઇશ્વરની હૈયાતી વિષે માનતા નથી. એઓના ધર્મનો મુખ્યભાગ "જીવ હંસા ન કરવા" વિષેનો છે. ઇ૦ સ૦ ૧૮૮૧માં તેઓની સંખ્યા ૩,૮૦,૦૦૦ની હતી. મુસલમાનોની સંખ્યા ૮,૬૦,૦૦૦; અને ખ્રીસ્તી ધર્મ પાલનારની સંખ્યા ૧,૩૦૦ ની હતી.

સંસાર સુધારો—મગરૂબી એ રજપૂતોમાં એક મોટો દોષ છે. ભાટ નામના કવીઓનું તેમનાપર ઘણું ચલણ છે. જાહેરમાં ભાટો પોતાની કવીતાથી કરીને એક કુટુંબને આબરૂદાર કરી શકે છે અથવા બેર આબરૂદાર કરી શકે છે. ભીક્ષુક તરીકે એ લોકો અતી લોભી હોય છે. રજપૂતોના લગ્ન વખતે એ લોકો ઘણા પૈસા ઓકાવે છે; અને તે વખતે થતા ઘણાજ ઉડાઉ

ખર્ચને એ લોકો ઉત્તેજન આપે છે. એથી કરી
ને રજપૂતોમાં પોતાની છોકરીઓના લગ્ન પોતા
ના કુટુંબોનું નાશ કર્તા થઈ પડે છે. એથી બચ
વા માટે રજપૂતો પોતાની દીકરીઓને દુધપીતી
કરે છે. લગ્નમાં થતા મોટા ખર્ચમાં સુધારો
કરવાને ઘણાજ યત્નો કરવામાં આવ્યા પણ
જ્યાંસુધી રજપુતાણાના બ્રિટીશ એજન્ટ કરનલ
વૉલ્ટરે એ બાબત હાથમાં લીધી નહિ ત્યાં સુધી
તેઓ ફતેહ પામ્યા નહિ. ઈ૦ સ૦ ૧૮૮૭માં
એણે એ બાબતપર વીચાર ચલાવવાને દરેક
રજપૂત કોમના પ્રતીનીધીઓની એક મંડલી
સ્થાપવાની સુચના કરી. એની સુચના પ્રમાણે
એક મંડલી સ્થાપવામાં આવી અને તેનું "વૉલ્ટર
કૃત રજપુતાણાહીત કરણી સભા" એવું નામ
આપવામાં આવ્યું. રજપુતાણાના અને મોરવા-
ડાના મુખ્ય રાજ્યોના પ્રતીનીધીઓની તે સભા

હતી. તેઓ લગ્ન તથા મૃત ક્રિયાના ખર્ચોને ચો ક્કસ હદમાં રાખવાના અને લગ્નની ઓછામાં ઓછી ઉમર નક્કી કરવાના ચોક્કસ નીયમો ઘડી તે પ્રમાણે ચાલવાને કબુલ થયા. પરણનાર છોક રાની ઓછામાં ઓછી ઉમર ૧૮ વરસની અને છોકરીની ૧૪ વરસની ઠરાવવામાં આવી. ઉપલા નીયમોની વીરૂધ્ધ ચાલનારની સંખ્યાનું પ્રમાણ પ્રતીવર્ષે ઘટતું જાય છે. ઇ૦ સ૦ ૧૮૯૧માં થય લા ૨,૬૪૭ લગ્નોમાંથી માત્ર ૧૮૯ ઉમરના ની મયની વિરૂધ્ધ હતા. ઉપર લખેલા લગ્નોમાંથી ખર્ચના નીયમ વીરૂધ્ધમાં માત્ર ૬૮ લગ્નો હતા. મૃત ક્રિયાના ખર્ચની બાબતમાં ૧૪૮૦ મરણ ક્રિયાઓમાંથી માત્ર ૩૧ મરણ ક્રિયાઓ નીયમ વિરૂધ્ધ થઇ હતી. અને એ પ્રમાણે સંસાર સુધા રાના કામમાં હીંદુસ્તાનમાં રજપૂતોએ પોતે પોતાને અગ્રેસર કર્યા છે.

કેળવણી—લૉર્ડ મેઓના વખતમાં અજમેરમાં સ્થપાયલી મેઓ કૉલેજની અસર સારી પ્રસરેલી છે. મોટા રાજ્યોએ પોતાના રાજ્યના એ કૉલેજમાં અભ્યાસ કર્તા વિધાર્થીઓ માટે કૉલેજની આસપાસ ઉતારા કરેલા છે.

પ્રકરણ ૨ જું.

મેવાડ અથવા ઉદયપુરનું રાજ્ય.

સીમા—વીસ્તાર ૧૨,૬૭૦ ચો૦ મા૦; વસ્તી (ઈ. સ. ૧૮૯૧) ૧૮,૩૨,૪૨૦. ઉપજ ૨૦૩૭,૫૦,૦૦૦. સીમાઃ–ઉદેપુરનુ રાજ્ય રજપુતાણાની દક્ષીણે, અરાવળી પર્વતની પૂર્વે આવેલું છે. એની ઉત્તરે અજમેર આવેલું છે.

એ રજપુતાણાના રાજ્યોમાં વસ્તીના
પ્રમાણમાં ત્રીજું છે.

દેખાવ—મેવાડના દેખાવમાં અરાવળીના પહાડો મુખ્ય છે. તે પહાડોના જંગલી ભાગો તે પ્રદેશમાં આવેલા છે. અને તે કેટલેક ઠેકાણે ૬૦ માઈલની પહોળાઈમાં પથરાયલા છે. તે રાજ્યનો ઉત્તર અને પૂર્વ તરફનો પ્રદેશ ઊંચો નીચો

છે અને ઈશાન દીશા તરફ ઢળતો છે. અને દક્ષીણ અને પશ્ચીમમાં ખડકો, ડુંગરાઓ અને ગીચ જંગલો આવેલા છે.

નદીઓ—બનાસ નદી મુખ્ય છે જેને અરાવાળી પર્વતમાંથી નીકળતી નાની નદીઓ મળે છે.

સરોવર—આ દેશમાં ઘણા સરોવરોછે, જે માના કેટલાક ઘણા મ્હોટા છે. ઉદયપુરથી વીશ માઇલને છેટે જયસમન્દ નામનું નવ માઈલ લાંબુ અને પાંચ માઈલ પહોળું સરોવર આવેલું છે. જે હીંદુસ્તાનમાં હાથથી બંધાયલા સઘળા સરોવરો કરતાં મોટું છે.

ઉપજ—અનાજ, રૂ, તલ, સેરડી, અફીણ, અને તંબાકુ એ મુખ્ય ઉપજ છે. મેંઢા અને ઘેટા ઘણા થાય છે.

વસ્તી—ઇ૦ સ૦ ૧૮૮૧ની ગણત્રી પ્રમાણે ૧૩,૨૧,૦૦૦ હીંદુઓ, ૭૮,૦૦૦ જૈનો, ૫૧,૦૦૦ ભીલો અને ૪૩,૦૦૦ મુશલમાનો હતા. જેમાં બ્રાહ્મણો ૧૧૪,૦૦૦; રજપૂતો ૧૨૬,૦૦૦; મહાજન ૧૦૫,૦૦૦; જાટ ૭૦,૬૧૦ અને બીજા ૯૮૨,૦૦૦ હતા.

આ દેશમાં ત્રણ જાતના અસલી વતનીઓ વસે છે. મેરો વાવ્ય દીશામાં, ભીલો દક્ષીણમાં, અને મીણા ઈશાન દીશા તરફ રહે છે. મેરો અને મીણાઓ ગામડાઓમાં રહે છે; પણ ભીલો ઘણું ખરૂં નાની નાની ટેકરીઓ ઉપર, જુદા જુદા ઘરો બાંધીને રહે છે, કારણ કે એથી કરીને એક આખા ગામડાપર દુશ્મનો ઓચીતો હલ્લો કરી શકે નહિ. જો એક ઘરપર હલ્લો કરવામાં આવે તો થોડીવારમાં એક ટેકરીપરથી બીજી ટેકરીપર લડાઇની બુમ પથરાઈ જાય છે,

અને તે જગ્યા હથીઆરબંધ અરધા નાગ: જંગલીઓથી ભરાઈ જાયછે, અને જેઓ પોતાની ઉપર હલ્લો કરનારની સામે થવાને તૈયાર થયલા હોય છે.

ઇતિહાસ—ઉદયપુરના રાણાનાં કુટુંબીઓ સૂર્ય વંશની મ્હોટી શાખાના હોવાથી આખા હિંદુસ્તાનમાં રાજકર્તા રજપૂત રાજાઓમાં પહેલો દરજ્જો ભોગવે છે- ઉદયપુરના રાજકર્તા રાણા શ્રીરામચંદ્રજીથી ઉતરી આવેલા છે. અને તેના વડવા કનકસેને ઇ૦ સ૦ ૧૪૪ માં એ વંશની ગાદી સ્થાપી. હિંદુસ્તાનમાં મુસલમાનોની સાંમે ઉદયપુરે જેટલો ટકાવ કર્યોછે એટલો બીજા કોઇપણ રાજ્યે કર્યો નથી.

આ રાજ કર્તા કુટુંબ મુસલમાન બાદશાહને પોતાની કન્યા નહી આપવા માંટે મગરૂબ છે. મોટી ઘેલોટી જાતની સીસોડીયા શાખાના તે

આ છે. ઈ૦ સ૦ ૧૧૯૩ માં મોટા છોકરાને દેશ નીકાલ કરવાથી ચીતોડની ગાદી નાના છોકરા ના વંશમાં ગઈ જે ઉપરથી મોટા છોકરાએ ડુ ગરપુરનુ રાજ્ય સ્થાપ્યું. ઈ૦ સ૦ ૧૨૦૧ માં રાવળ રાહપે પોતાની રાવળ ઉપસંજ્ઞા બદલીને રાણાની ઉપસંજ્ઞા ધારણ કરી.

રાણા લાખમસી (ઈ૦ સ૦ ૧૨૭૫. ૧૩૦૩) ના વખતમાં અલાઉદ્દીન બાદશાહે ચીતોડને ઘેરો ઘાલ્યો. ઈ૦ સ૦ ૧૩૦૩ માં બાદશાહે ચી તોડ લીધુ. આ વખતે રજપૂતોએ ઘણીજ બ હાદુરી ભરેરી રીતે પોતાનો બચાવ કર્યો હતો; અને છેલ્લે એકે એક રજપૂત કેસરીયા કરી મ રણ પામ્યો. એ લડાઈ ચાલતી હતી તેવામાં હ જારો રજપૂતાણીઓ, મહારાણી, પદ્મણીની, સર દારી હેઠલ મેહેલમાં ચીત્તા સળગાવી બળી મુઇ. થોડા વખત પછી રાણા હમીરે પોતાના બાપ દાદાનું રાજ્ય મુસલમાનો પાસેથી પાછું મેળવ્યું.

આ રાજ્યે દુસ્મનોના હાથથી અને માંહો માહેના ટંટાંથી ઘણું ખમ્યું છે. ઇ૦ સ ૧૫૦૯ માં પ્રતાપી મહારાણો સંગ્રામસીંગ (સંગરાણો) ચીતોડની ગાદીપર આવ્યો. એના વખતમાં ચીતોડનુ રાજ્ય પૂર્ણ આબાદીની ટોંચે ચઢયું, અને એની રજપુતાણામાં સર્વોપરી સત્તા જામી; પણ તે થોડા વખત સુધી રહી, કારણ કે ઇ૦ સ૦ ૧૫૨૭ માં તૈમુરના વંશના મોગલ સહેનસાહ બાબર સાથે એને સીકરીની આગળ મોટી લડાઈ થઇ. આ લડાઇમાં રજપૂતોએ ઘણીજ બહાદુરી દેખાડી છતાં પણ તે (સંગ રાણો) હાર્યો અને રજપૂતોનો ઘણો ઘાણ નીકળી ગયો. આ હારથી સંગરાણો જંગલોમાં ભાગી ગયો અને તેનું શું થયું તે આજ દીન સુધી ચોક્કસ રીતે જણાયલું નથી, પણ એમ ધારવામાં આવે છે કે એને કોઇએ ઝેર દઇ

મારી નાખ્યો હશે. ઈ૦ સ૦ ૧૫૬૮ માં મહાન સંહેનસાહ અકબરે ચીતોડને ઘેરો ઘાલ્યો. સંગરાણાનો પુત્ર રાણો ઉદયસીંગ ચીતોડ છોડી નાશી ગયો અને ચીતોડનો કીલ્લો મોટી ખુનરેજી પછી બાદશાહને હાથ આવ્યો. રાણો ઉદયસીંગ ચીતોડમાંથી નાઠા પછી થોડા વખત સુધી રાજપીપળાના જંગલોમાં રહયો હતો, ત્યાર પછી તે અરાવળી પર્વતની તળેટીમાં આવીને રહયો. અને ત્યાં એણે ઉદયપુર નામનું સહેર વસાવ્યું જે ત્યારથી મેવાડની રાજધાની છે. એના પછી એનો પુત્ર વીખ્યાત પ્રતાપી મહારાણો પ્રતાપસીંહ (૧૫૭૨–૯૭) મેવાડની નીશકલંકી ગાદીપર આવ્યો. ઈ૦ સ૦ ૧૫૭૬ માં મહાન અકબરે મેવાડપર પાછી ચઢાઈ કરી. બહાદુર રાણાએ હલદી ઘાટના પ્રખ્યાત મેદાનમાં તેને લડાઈ આપી. આ રણસંગ્રામમાં

રજપૂતોએ ઘણીજ બહાદુરી દેખાડી પણ અંતે તેઓનું સંખ્યાબળ ઓછુ હોવાને લીધે તેઓ હાર્યા; અને પ્રતાપને ડુંગરાઓમાં ભરાઇ રહેવું પડયું. અને અકબરે આખો મેવાડ દેશ કબજે કીધો. પ્રતાપને જંગલોમાં ઘણુજ કષ્ટ વેઠવું પડયું પણ તે સ્વદેશાભીમાની વીરપુરૂશે મોગલોને નમ્યું આપ્યું નહી. આખરે ઇ૦ સ૦ ૧૫૯૦ માં તેણે પોતાના નીમકહલાલ રાજભક્ત આગળા વણીક પ્રધાન ભામાશાની મદદથી મોટું લશકર એકઠું કરીને સહેનસાહ અકબરના લશકરને મેવાડમાંથી હાકી કાઢયું. ચીતોડ, માંડલગઢ, અને અજમેર સીવાયનો પોતે ખોયલો સઘળો દેશ પાછો જીતી લીધો. અને સુખશાંતીથી રાજ્ય કરવા લાગ્યો. ઇ૦સ૦ ૧૫૯૭ માં આ સ્વદેશાભીમાની વીરપુરૂષે પોતાનો દેહ શાંતીમાં છોડયો.

એના પછી આશરે દોઢસો વર્ષે મરેઠાઓ મેવાડપર ચઢાઇઓ કરી લૂટફાટ કરી લોકોને હેરાન કરવા લાગ્યા. જ્યાંસુધી મેવાડ ઘણોખરો ઉજ્જડ થઇ ગયો ત્યાં સુધી સીંધીઆ અને હોલકરે એક પછી એક ચઢાઇઓ કરી તેને ઉજ્જડ કર્યો.

ઇ. સ. ૧૮૧૭ માં રાણાને અંગ્રેજ સરકાર સાથે જે કૉલકરાર થયા તેથી કરીને આ બધી આબદાનો છેડો આવ્યો.

જે રજપૂત રાજ્યોએ પોતાની કન્યા મુગલ બાદશાહને આપી હતી તે રાજ્યોને ઉદેપુરનું રાજ પોતાની કન્યા આપતુ નહોતુ, તેથી કરીને તે રાજ્યોને ઘણુ લાગી આવતુ હતું.

જાગીરદારો—આ રાજના જાગીરદારોમાં

૧૯ પહેલી પદવીના અને ૩૨ બીજી પદવીના છે તેઓનો રાજ્યવૈભવ રાણાના જેટલોજ છે.

રેલવે-અહીં ઘણા પાકા રસ્તાઓ છે. "રજપુતાણા માલવા રેલવે" આ રાજ્યના પૂર્વ ભાગમાંથી પસાર થાય છે.

ઉદયપુર—ઉદયપુર સહેરની વસ્તી ૩૮,૦૦૦ ની છે. એ મેવાડની હાલની રાજધાની છે. હિંદુસ્તાનના સૌથી મનોહર દેખાવના શહેરો માહેલું આ એક શહેર છે. ઇ. સ. ૧૫૬૮ માં જ્યારે અકબરે ચીતોડ લીધું ત્યારે રાણો ઉદય સીંગ આ જગ્યાએ નાસી આવ્યો અને એક મહેલ બંધાવ્યો. આ મહેલ બંધાવવા પહેલા ત્યાં તેણે એક સરોવર બંધાવ્યું જેને હજી ઉદય સાગરના નામથી ઓળખવામાં આવે છે. રાજ મહેલ ગ્રેનાઇટ પથ્થર અને આરસ પહાણનો

બનાવેલા ઘણોજ ભભકાદાર મકાન છે. અને મેહેલ સરોવરને કીનારે આવેલા છે. આ શહેરની અંદર એક ઑસ્પીટલ અને એક ઇંગ્રેજી નીશાળ છે. શહેરથી ત્રણ માઇલ દુર રાજાઓનું સ્મશાન છે. જ્યાં તેમને બાળવામાં આવે છે, ત્યાં નાની નાની દેરીઓ ઉભી કરવામાં આવે છે. અને તેમાં તેની સાથે જેટલી સ્રીઓ સતી થઇ હોય છે તેની બેડોળ મૂર્તિઓ બેસાડવામાં આવે છે.

ચીતોડ—ઇ૦ સ૦ ૧૫૬૮ માં ચીતોડને અકબરે જીતી લીધુ ત્યાં સુધી એટલે ઇ૦ સ૦ ૭૨૮ થી તે ૧૫૬૮ સુધી તે મેવાડનું રાજધાની શહેર હતું. ચીતોડ ગઢ નામના પ્રખ્યાત કીલ્લાની તળેટીમાં એ શહેર આવેલું છે. ચીતોડ ગઢની ટેકરીના મથાળા ઉપર દહેરાં, મહેલો,

અને તળાવોના પુશ્કળ ખંડેરો આવેલા છે.
ઈ૦ સ૦ ૧૮૮૧ ની ગણત્રી પ્રમાણે તેની વસ્તી
૭,૦૦૦ માણસની હતી એ "રજપૂતાણા માલવા
રેલવેનું" એક સ્ટેશન છે.

પ્રકરણ ૩ જું.

જયપુર અથવા અંબરનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૧૪,૪૬૫ ચો. મા.; વસ્તી (૧૮૯૧) ૨,૮૨૪,૪૮૦; ઉપજ ૩૬૧ લાખ.

જયપુરનું રાજ્ય રજપૂત રાજ્યોમાં સૌથી વધારે વસ્તીવાળું અને સૌથી વધારે પૈસાવાળું છે. એ રાજ્ય રજપુતાણાની ઉત્તરે આવેલું છે, અને એની દક્ષીણે મેવાડનો પ્રદેશ આવેલો છે.

દેખાવ—દેશમાં જોકે નાની નાની ટેકરીઓની હારો અને શીખરો અહીં તહીં આવેલી છે; તોપણ એ દેશ ઘણો ખરો સપાટ છે. ઇશાણ દીશાએ સેખાવતીનો (સેખાવત જાતના

રજપૂતોનો મુલક) રાની પ્રદેશ; અને અગ્નેયી દીશાએ વધારે ફલદ્રુપ મુલક આવેલા છે. મુલક ઘણો ખરો રેતાળ છે. વેનગંગા નદીની ખીણ અને જયપુર સહેરની દક્ષીણ દીશાએ આવેલો પ્રદેશ ફલદ્રુપ છે.

નદીઓ—બનાસનદી એ સૌથી મોટીનદી છે. વેનગંગા આ દેશના પૂર્વ વીભાગમાં થઇને જમુના નદીમાં મળે છે.

સરોવર—સાંભર નામનો ખારા પાણીનો કુદ્રતી મોટો સરોવર છે.

નીપજ—અનાજ, સેરડી, રૂ, અફીણ, તલ, અને તમાકુ એ મુખ્ય પાક છે. ઇ૦ સ૦ ૧૮૬ ૮ ની સાલથી આ રાજ ખેતરો ને પાણી પુરૂ પાડવા માટે નહેરો ખોદવાના કામમાં દર વર સે અરધો લાખ રૂપીયા ખર્ચે છે.

વસ્તી—ઈ૦ સ૦ ૧૮૮૧ માં ૨,૩૧૫,૨૧૯ હીંદુઓ; ૧૭૦,૯૦૭ મુશલમાનો; અને ૪૭,૬૭૨ જૈનો હતા. હીંદુઓમાં ૩૫૧,૦૦૪ બ્રાહ્મણો; ૧૨૪,૩૪૫ રજપૂતો; ૨૪૨,૪૭૪ વાણીયા; ૨૨૭,૩૬૧ જાટ; ૨૨૧,૫૬૫ મીણા; ૨૦૯,૦૯૪ ચમાર વગેરે હતા.

ધંધો—સરાફી અને મુખ્ય વેપાર મોટા મોટા સહેરોમાં ચાલે છે. મુખ્ય હુન્નર, આરસ પહાણમાં નકશીકામ, મીણાકારીકામ અને કાપડ બનાવવાનું છે.

રેલવે—આગ્રાથી "રજપુતાણા માલવા રેલવે" આ દેશમાં ૧૫૦ માઇલ સુધી જાય છે. દીલ્લીથી બીજી રેલવે લાઇન આવે છે તે આ રેલવેને બંદીકુઈના સ્ટેસનપર મળે છે. આ દેશમાં ઘણા પાકા રસ્તાઓ બાંધેલા છે.

ઈતહાસ—અહીંના રાજકર્તા કચ્છવાહા જાતના રજપૂત છે. ઈ૦ સ૦ ૯૬૭ ની લગભગમાં ઢોલારાયે અહીં રાજ કરતા નાના નાના રાજાઓને હાંકી કાઢી જયપુરનું રાજ સ્થાપ્યું. અસલ રાજધાની સહેર અંબર હતું.

મહાન અકબરના વખતમાં અહીંના રાજા માનસીંગે ઘણીજ બહાદુરી દેખાડી હતી અને એણે ઘણા મુલકો જીતીને બાદસાહીમાં ઉમેર્યા હતા. એ અકબરનો માનીતો અને મુખ્ય સેનાપતી હતો. માનસીંગની બેન અકબરના પુત્ર સાહજાદા સલીમ (ઝહાંગીર) વેરે દીધી હતી. માનસીંગે અકબરના મરણ સુધીજ મોટા મોટા હોદા બાદસાહતમાં ભોગવ્યા, માનસીંગને બંગાલાની સુબાગીરી આપવામાં આવી હતી અને તે ઈ૦ સ૦ ૧૬૧૫ માં બંગાલામાંજ મરણ પામ્યો.

ઇ૦ સ૦ ૧૭૨૮ માં બીજા જયસીંહ રાજાએ (સવાઈ જયસીંહે) અંબરથી પોતાની રાજધાની ફેરવીને જયપુરમાં કરી. એણે જયપુર, દીલ્લી, બનારસ (કાશી) મથુરા અને ઉજ્જેન માં વેધશાળાઓ (observa tories) બંધાવી. અઢારમી સદીને અંતે મરાઠાઓની ઘણી ભારે ખંડણીથી અને માંહોમાંહેની લડાઈઓથી આ દેશ ઘણી ગરીબ સ્થીતીમાં આવી પડયો.

ઇ૦ સ૦ ૧૮૫૭ ના હીંદુસ્તાનના મોટા બળવા વખતે સવાઇ મહારાજા રામસીંગે ઇંગ્રેજ સરકારને દરેક રીતની મદદ આપી હતી આ અને બીજી મદદો માટે એને પોતાને માટે તોપોનું માન વધારીને ૨૧ નું કરવામાં આવ્યું. ઈ૦ સ૦ ૧૮૮૦ માં એના મરણ વખતે એને

પુત્ર ન હોવાને લીધે એનો દત્ત પુત્ર જે ઇ૦ સ૦ ૧૮૬૧ માં જનમ્યો હતો તે સવાઇ માધુસીંગનું નામ ધારણ કરીને ગાદીએ બેઠો.

રાજ વહીવટ—રાજ જુદા જુદા જાગીરદારોની જાગીરની ઉપજ ૭૦ લાખની છે; અને રાજની ઉપજ ઉપર લખ્યા પ્રમાણે ૬૧ લાખની છે.

કેળવણી—રજપુતાણાના બીજા રાજ્યો કરતાં જયપુરના રાજમાં કેળવણીએ વધારે પ્રચાર કર્યો છે. આ રાજમાં મુળ કેળવણીની ૪૫ નીશાળો છે. જેનો ખરચ રાજ તરફથી થાય છે. બીજી ૪૧૦ ગામઠી નીશાળો છે. ઇ૦ સ૦ ૧૮૮૨માં સ્ત્રી કેળવણી ઉપર રૂ. ૬૧૫૦ નો ખર્ચ થયો હતો.

જયપુર—એ રાજધાની શહેર છે. એનું એ નામ એના સ્થાપનાર ઉપરથી પડયું છે. ઘણી બાબતોમાં એ હીંદુ રાજ્યોના બીજા શહેરો કરતાં સૌથી સુંદર છે. એવું કહેવામાં આવે છે કે હીંદમાં નીયમાનુ સાર રચનાથી બંધાયલું આ એકજ શહેર છે. આ શહેર જુદા જુદા રસ્તાઓથી ૭ સરખા ભાગમાં વહેચાયલું છે. મુખ્ય રસ્તાઓ પાકા બાંધેલા ૧૧૧ ફુટ પહોળા છે; જેની બાજુએ ગ્યાસ લાઈટની બતીઓ અને પાણીની ગટરો આવેલા છે. પાકી દીવાલે આખા શહેરને ઘેરી લીધું છે. મહારાજાનો મહેલ સહેરના મધ્ય ભાગમાં આવેલો છે. •

મહારાજા કૉલેજમાં ઈ૦ સ૦ ૧૮૮૨ માં ૬૨૮ વીધ્યાર્થિઓ અભ્યાસ કરતા હતા. આ

સહેરમાં એક કળા ભુવન અને એક સંગ્રહસ્તાન આવેલુ છે. મેયો હૉસ્પીટલ એક ભાવ્ય મકાન છે. રામનીવાસ બાગ હીંદુસ્તાનના સૌથી સુંદર બગીચા માહેલો એક છે. પીવા માટે પાણીવરાળ યંત્રની મદદથી એક નદી કેજે ચાર માઈલ દુર છે તેમાંથી લાવવામાં આવ્યું છે. ઈ૦ સ૦૧૮૯૧ માં એની વસ્તી ૧૬૦,૦૦૦ની હતી.

અંબર—અસલ એ રાજધાની શહેર હતું. એ હાલ ઉજ્જડ પડેલું છે. નરૂત્ય દીશાએ પાંચ માઈલ છેટે આવેલા એક પર્વતપરના સરોવર પર તે આવી રહેલું છે. એ એના સોભાયમાન મકાનો માટે પ્રખ્યાત છે. અહીં એક નાનું દહેરૂં છે, જેમાં હરરોજ સવારે એક બકરાનો કાલી માતાને ભોગ આપવામાં આવે છે. એ દેખાડી આપે છે કે જ્યાં સુધી અત્રે રજપૂતોનું રાજ

થયું નહોતું ત્યા સુધી હરરોજ એક મનુષ્યનો ભોગ આપવામાં આવતો હતો. એ કીલ્લામાં હજી સુધી રાજનો ખજાણો રાખવામાં આવે છે. અને એ કીલ્લાને કેદખાના તરીકે વાપરવા માં આવે છે.

પ્રકરણ ૪ શું.

જોધપુર અથવા મારવાડનું રાજ્ય.

વિસ્તાર—વિસ્તાર ૩૭,૦૦૦ ચો.મા.; વસ્તી (૧૮૯૧)૨,૫૨૪,૦૩૦; ઉપજ રૂ૪,૧૫૦,૦૦૦.

જોધપુરના રાજનો વિસ્તાર રજપુતાણાના સઘળા રાજ્યોના કરતાં વધારે છે. એ રજપુતાણાના રાજ્યોમાં વસ્તીના પ્રમાણમાં બીજે નંબરે છે. એ રજપુતાણાની નૈરૂત્ય દીશાએ આવેલું છે. દેશનો ઘણોખરો ભાગ રાની છે. એ પ્રદેશ રાની હોવાને લીધે મરૂ દેશના નામથી પણ ઓળખાય છે.

દેખાવ—એ મુલક ઘણો ખરો રેતાળ છે.

અને વચમાં વચમાં શંકુ આકારની ટેકરીઓ આવેલી છે. અરાવળી પર્વતો આ દેશની અગ્નેયી દીશાની હદ છે. ઉત્તર બાજુએ આ દેશ ઉંચા નીચા થતા રેતીના દરીયાના જેવો છે. વરસાદ થોડો પડે છે.

નદી—લુણી નદી આ દેશની વચ્ચેથી વહે છે અને દેશને બે ભાગમાં વહેંચી નાખે છે. એ નદી અજમેરના સરોવરમાંથી નીકળે છે. અને સરસ્વતી નદી જે પુષ્કરના સરોવરમાંથી નીકળે છે તેને મળે છે. ત્યાથી એ લુણી નદીને નામે ઓળખાય છે.

કુવા—આ દેશમાં જે જે ભાગમાંથી આ નદી પસાર થાય છે તે તે ભાગમાં એની સોડ માંજ કુવા ખોદવામાં આવેલા છે. અને એ

રીતે જમીનના મોટા ભાગને પાણી પાવામાં આવે છે. નદીનું પાણી ઘણું ખરૂ ખારાસ માર તું છે પણ કુવાનું પાણી મીઠું નીકળે છે.

સરોવર—પ્રખ્યાત ખારા પાણીનું સાંભર સરોવર મારવાડ અને જયપુરના રાજની હદપર આવેલું છે. જોધપુરના બીજા બે સરોવરોમાં મોટા જથ્થામાં મીઠું પકવવામાં આવે છે. એ ઉપરાંત અહીં બીજા ૭૨ ગામડાંઓમાં મીઠું પકવવામાં આવે છે.

ઉપજ—કઠોળ, બાજરી, ઘઉં, ચણા અને મીઠું એ મુખ્ય છે ઉનાળાના દીવસમાં લુણી નદીને કીનારે તડબુચ મોટા જથ્થામાં ઉગાડવા માં આવે છે.

વસ્તી—ઇ૦ સ૦ ૧૮૮૧ માં હીંદુઓ,

૧,૪૨૨,૦૦૦; મુસલમાનો ૧૮૬,૦૦૦; જૈનો ૧૭૨,૦૦૦ હતા. લોકોનો મ્હોટો ભાગ ગોળાકાર બાંધેલા ઝુપડાઓમાં રહે છે. ચોરો અને જંગલી જનાવરોથી બચવા માટે ગામડાઓને મજબુત વાડ કરી લેવામાં આવે છે. લશ્કરી સીપાઇઓ ઘણા ખરા મુસલમાન છે. પાઘડીઓ અને પીતળના વાસણો કારખાણામાં બનાવવામાં આવે છે.

ઈતિહાસ—મહારાજા જે રાઠોડોના મુખી છે તે શ્રી રામચંદ્રજીથી ઉતરી આવેલા અને સૂર્યવંશી હોવાનો દાવો કરે છે. એવું કહેવામાં આવે છે કે ઇ૦ સ૦ ૧૧૯૪ માં કનોજના છેલ્લા રાઠોડ રાજા જયચંદ્રનો પૌત્ર શીવાજી મારવાડમાં દાખલ થયો, અને ત્યાં રહેવાને કબુલા

ત આપી. મંડોર જે તે વખતે મારવાડનું રાજ
ધાની સહેર હતું તે ઈ૦ સ૦ ૧૩૮૨ ની લગભ
ગમાં રાઠોડોને તાબે થયું. ઈ૦ સ૦ ૧૫૬૧ માં
મહાન શહેનસાહ અકબરે મારવાડ જીત્યું. ત્યા
ર પછી એ મરેઠાઓને તાબે થયું. સીંધીયાએ
એની ઉપર છ લાખ રૂપીયાની ખંડણી નાખી.
ઈ૦ સ૦ ૧૮૧૮ માં જોધપુરનું રાજ્ય ઇંગ્રેજ
સરકારના રક્ષણ હેઠલ આવ્યું. એ રાજ પૈસા
ની ધીર ધારનો ધંધો કરનાર મારવાડીઓ કે
જેઓ હીંદુસ્તાનના ઘણા ભાગોમાં મળી આવે
છે તેને માટે પ્રખ્યાત છે. એ લોકો જોઈયે
ત્યાં રહેતા હોય પણ પોતાના રાજા તરફ નીમ
ક હલાલ રહે છે. જ્યારે છેલા મહારાજા મરણ
પામ્યા ત્યારે મુંબઈ અને કલાકતામાં રહેતા
દરેક મારવાડીએ શોકની નીશાની દાખલ મો

તાની ડાઢી, મુછ, અને માથું મુંડાવ્યું હતું.

કેળવણી—વસ્તીનો મોટો ભાગ અને મોટા કુલની સ્રીઓ સારી રીતે હીંદી ભાષા લખી વાંચી શકે છે. રાજધાની સહેરમાં બે સારી નીશાળ છે જેમાં એક ગરાસીયા માટે અને બીજી રૈયત માટે છે. કેટલાક ગામોમા કેટલીક નિશાળો રાજની મદદથી ચાલે છે. અને દરેક મોટા ગામમાં જૈન ધર્મ ગુરૂને તાબે એક એક નીશાળ છે. દેશમાં બોલાતી ભાષા મારવાડી છે કે જે હીંદીમાંથી નીકલેલી છે. રાજની સારી મદદથી ચાલતા અહીં પાંચ દવાખાના છે.

રસ્તા—આ રાજમાં ફકત એકજ ૧૦૦ માઈલની લંબાઈનો પાકો બાંધેલો રસ્તો છે કે

જે રાજધાની સહેર જોધપુર થઇને જાય છે જો
ધપુર સહેર એક રેલવેની શાખાથી "રજપુતાણાં
માલવા રેલવે" સાથે જોડાયલું છે.

જોધપુર–ઈ० સ. ૧૪૫૯ માં જોધારાવે જો
ધપુર વસાવ્યું ત્યારથી એ મારવાડની રાજધાની
સહેર છે. એમાં જાણવા જોગ એનો કીલ્લો છે
કે જે રેતીના રણમાં દંગ કરે એવી રીતે આવેલો
છે. આ શહેર ખડકની આજુબાજુ જુમખા
ની જેમ આવી રહ્યુ છે. કારણકે અસલના ર
હેવાસી કીલ્લાનો બચાવ પાસે હોય તે સલામ
તી ભરેલું ગણતા હતા. જ્યારે એ કીલ્લોનો
પાયો નાખવામાં આવ્યો ત્યારે ત્યાં શુભ નીશા
ની તરીકે એક માણસને જીવતો દાટવામાં આ
વ્યો હતો આ ભોગની યાદદાસ્ત કાયમ રાખ

વાને તેના વંશજોને કેટલીક જમીન ઇનામ દાખલ આપવામાં આવી છે. આ કીલ્લામાં મહારાજાનો સુંદર મહેલ આવેલો છે. આ શહેર એક મજબુત દીવાલ કે જે લગભગ છ માઈલ લાંબી છે અને જેમાં ૭૦ દરવાજા છે તેનાથી ઘેરાયલું છે. આ શહેરમાં પથ્થરથી બાંધેલા શુંદર ઘરો ભવ્ય દેખાવના મંદીરો અને તળાવો આવેલા છે. ઈ૦ સ૦ ૧૮૯૧ માં શહેરની વસ્તી ૬૨,૦૦૦ ની હતી. જોધપુરની ઉત્તરે ત્રણ માઇલપર મંડોર કે જે અશલ મારવાડનું રાજધાની શહેર હતું તેના ખંડેરો આવેલા છે.

પ્રકરણ ૫ મું.

બીકાનેરનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૨૨,૩૪૦ ચો. મા.; વસ્તી (ઇ૦ સ૦ ૧૮૯૧) ૮,૩૧૨,૦૦૦ ઉપજ રૂ.૧,૮૦૦,૦૦૦.

જમીનના વીસ્તારમાં બીકાનેરનુ રાજ્ય રજપુતાણાના સઘલા રાજ્યોમાં બીજે નંબરે છે; પણ વસ્તીના પ્રમાણમાં ચોથે નંબરે છે. એ રાજ જોધપુરના રાજની ઉત્તરે આવેલું છે.

દેખાવ—આ મુલક ઘણો ખરો સપાટ

છે. એની જમીન કેટલેક ઠેકાણે કઠણ અને પ
થ્થરવાળી છે. પણ ઘણે ઠેકાણે ઉડતી રેતીના
૨૦ થી ૧૦૦ ફુટની ઉંચાઈના ટેકરાઓ છે.
જંગલ બીલકુલ નથી. વરસાદના વખતમાં
અને તે પછી આખો મુલક ઘાસચારાનું મેદા
ન હોય તેવો દેખાય છે.

કુવા—આ મુલકમાં એકે નદી નથી; પાણી
જુદી જુદી ઉંડાઇએ જુદી જુદી જાતનું માલ
મ પડે છે. બીકાનેર શહેરના કુવા ૩૦૦ ફુટ
થી વધારે ઉંડાઇના છે. જ્યારે બીજી જગ્યાએ
જમીનની સપાટીથી ૨૦ ફુટની ઉંડાઇએથી
પાણી મળી આવે છે, કેટલાક કુવા મીઠા પા
ણીના છે, અને બીજા ખારા પાણીના છે. લોકો

ઘણું ખરૂં વરસાદના પાણી ઉપર ચલાવે છે.

ઉપજ—બાજરી એ મુખ્ય પાક છે. આ મુલકમાં ચારાનુ ઘાસ પુસ્કલ છે.

જનાવર—ઘોડા, ઢોર, અને ભેંસો આ મુલકમાં હિંદુસ્તાનના કોઈપણ મુકલ કરતા સારા છે.

ઉદ્યોગ—ઉનનું કાપડ; મીઠાઇ અને હાથી દાંતની ચુડલી એ મુખ્ય ઉદ્યોગ છે.

વસ્તિ—વસ્તી ઈ૦ સ૦ ૧૮૮૧ માં ૫૦૯,૦૦૦ ની હતી જેમાં ૪૩૬,૦૦૦ હિંદુઓ, ૫૧,૦૦૦ મુસલમાન અને ૨૨,૦૦૦ જૈનો હતા. જાટ ઘણા ખરા ખેડુતોછે. બ્રાહ્મણોની સંખ્યા ૫૬,૦૦૦ છે અને તેઓ માહેના ઘણા ખરા ખેતી કરે છે.

ઇતિહાસ—રાજકર્તા રાઠોડ જાતના રજપૂત છે. મારવાડનો રાજા જોધારાવ કે જેણે જોધપુર વસાવ્યું તેનો છઠો કુંવર બીકો ઈ૦ સ૦ ૧૪૩૯ માં જન્મ્યો હતો. એ બીકાએ આ બીકાનેરનુ રાજ્ય ઈ૦ સ૦ ૧૪૮૯ માં સ્થાપ્યું. બીકા પછી ત્રીજી પેઢીએ રાયસીંગ થયો. તે દીલ્હીના સહેનસાહ અકબરને તાબે થયો, અને પોતાના ભાઈ રામસીંગની કુંવરીને અકબરના કુંવર સહાજાદા સલીમવેરે પરણાવી. રાયસીંગ પછી એનો કુંવર કરણ ગાદીએ આવ્યો, અને એના ત્રણ કુંવર બાદસાહી ચાકરીમાં વરાણા. એના પછી એનો સૌથી નાનો કુંવર અનોપસીંગ ગાદીએ આવ્યા અને એણે કાબુલનો બલવો સમાવ્યો હતો. હાલમાં એ રાજ

ઇંગ્રેજ સરકારને તાબે છે.

બીકાનેર—એ રાજધાની સહેર છે. અને એને ઈ૦ સ૦ ૧૪૮૯ માં બીકાએ વસાવ્યું. ખેતીવાડીના કામ માટેના લાયક પથ્થરવાલી થોડી ઉંચી જમીન ઉપર આ શહેર આવેલું છે. એની આસપાસની સુંદર દીવાલ ઉપર બા રીવાલો કોટ અને બુરજ આવેલા હોવાથી કેટલેક ઠેકાણેથી તેનો દેખાવ એક મહોટા શહેર જેવો લાગે છે. આ શહેરમાં સાંકડા અને વાંકા ચુકા રસ્તાઓ છે. પણ કેટલાક પથ્થરથી બાંધેલા અને સુંદર નકસીદાર ઘરો છે. ડુંગર સિંહ કૅાલેજ એ નામ છેલા મહારાજાના નામ ઉપર થી આપવામાં આવ્યું છે. તેમાં ઇંગ્રેજી શીખ વવામાં આવે છે. આ રાજમાં બીજી ઘણી

નીશાળો છે. ઇ૦ સ૦ ૧૮૮૧ માં આ શહેરની વસ્તી ૪૩,૦૦૦ ની હતી.



પ્રકરણ ૬ ઠું.

જેશલમેરનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૧૪,૪૪૭ ચો. મા; વસ્તી (૧૮૮૧) ૧૦૮,૪૦૩; ઉપજ ૧૫૮,૦૦૦

જેશલમેર જોધપુરના રાજની પશ્ચિમે આવેલું છે. અને રજપૂતોના રાજ્યોમાં એ સૌથી ઓછી વસ્તીવાલુ છે.

દેખાવ—જેશલમેર એ હિંદના મ્હોટા રણનો એક ભાગ છે. રાજધાની સહેરની આસપાસનો મુલક પથ્થરવાળો છે; અને કેટલેક ઠેકાણે રેતીના ટેકરા આવી રહેલા છે. આ સીવાય આખો દેશ રેતીની ટેકરીઓનો દરી

યો હોય એવો દેખાય છે. પશ્ચિમમાં કેટલેક ઠેકાણે ઝાડીઓ છે અને પૂર્વમાં લાબું ઘાસ ગોટા બંધ ઉગે છે. ગામડાઓ છેટે છેટે આવેલા છે અને ઘણાઓમાં ગોળ ઝુપડા હોય છે અને એક એક ખારા પાણીનો કુવો હોય છે.

કુવા—કુવામાં પાણી ઘણું થોડું મળે છે, અને ઘણે ખરે ઠેકાણે તે ખારૂં હોય છે. કુવા ઘણા ખરા લગભગ ૨૫૦ ફુટ ઉંડા હોય છે.

ઊપજ—માત્ર થોડે ઠેકાણે ખેતીનુ કામ કરવામાં આવે છે. વર્ષા ૠતુમાંજ ફકત પાક થાય છે.

જનાવરો—ઉંટોના મોટાં ટોળાં, ઢોરો, મેંઢા અને અને ઘેટાં પાળવામાં આવે છે.

ધંધો—મુખ્ય ધંધો ઉન, ઘી, ઉંટ, ઢોરો, અને મેંઢાનો છે.

વસ્તી—વસ્તી થોડી છે. તેની ગણત્રી એક ચો. માઈલે સાત સાત માણસની થાય છે. વસ્તીનો એક ચતુર્થાંઉંસ ભાગ મુસલમાનનો છે. ૧,૭૦૦ જૈનો છે એ સીવાય બધા હીંદુ ઓ છે.

ઇતિહાસ—હાલના રાજકર્તા યદુવંશના ભટ્ટી જાતના રજપૂતો છે. દેવરાજ જે ઇ૦ સ૦ ૮૩૬ માં જનમ્યો કહેવાય છે તે હાલના રાજકર્તા વંશનો સ્થાપનાર કહેવાય છે. જેશલમેર ઇ૦ સ૦ ૧૧૫૬ માં રાજધાની શહેર કરવામાં આવ્યું. ઈ૦ સ૦૧૨૯૪ માં અલાઉદીને એને મોટી લડાઈ કર્યા પછી જીત્યું. એ થોડા વખત સુધી ઉજ્જડ રહ્યું. એ અકબરના વખતમાં ખંડયું હતુ. એ એકાંત જગ્યા

એ આવેલું હોવાથી મરેઠાઓના હલ્લાથી બ ચવા પામ્યું છે.

એકતો લોકોની ગરીબ સ્થીતીને લીધે અને એ મુલકને ઘણો ભાગ જાગીરદારોને તાબે હોવાને લીધે એની ઉપજ થોડી છે.

અહીં રાજ તરફથી એકે નીશાળ નથી માલ વગેરે અહીંથી તહીં લઇ જવાનું મુખ્ય સાધન ઊંટ છે. અહીં પાકકા બાંધેલા રસ્તાઓ નથી.

જેસલમેર—એ રાજધાની શહેર છે. એમાં ૧૧,૦૦૦ ની વસ્તી છે. ઘણી રેતીની વ ચ્ચમાં આવેલા એક મજબુત ખડક ઉપર એ એક બેટ માફક આવેલું છે. કીલ્લાની દીવાલ મજબુત છે. અને મહારાજાનો મહેલ કીલ્લા માં દાખલ થવાના મુખ્ય રસ્તાપર આવેલો

છે. ઘરો મ્હોટે ભાગે પીલા રેતી પથ્થરના બાંધેલા છે. કેટલાક પૈસાદાર વેપારીના ઘરો સુંદર નકસીદાર છે.



પ્રકરણ ૭ મું.

સીરોહીનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૩,૦૨૦ ચો. મા.; વસ્તી (૧૮૮૧) ૧૪૨,૯૦૩; ઉપજ રૂ. ૧૭૫,૦૦૦ સીરોહી જોધપૂરના રાજ્યની દક્ષીણે આવેલું છે.

દેખાવ—આ મુલક ટેકરીઓ અને ખડકોની હારોથી ભરેલો છે. આ મુલકમાં આબુ પર્વત આવેલો છે કે જે દરીયાની સપાટીથી ૫,૬૫૩ ફીટ ઉંચો છે. અરાવળીના પર્વતો આ મુલકને લગભગ બે સરખા ભાગમાં વેહચી નાંખે છે. પશ્ચીમ બાજુનો અરધો ભાગ બીજા ભાગ કરતા ખેતીવાડી માટે સારો છે. આ મુલકમાં જ્યાં ત્યાં નાની ખડકોવાળી ટેકરીઓ

આવેલી છે. અને એ ઘણોખરો ગીચ જંગલથી ભરાયલો છે. વાઘો અહીં ઘણા મળી આવે છે, અને ઘણા ઢોરોને મારી નાંખે છે.

ઉપજ—ઘઉં અને જવ એ મુખ્ય પાક છે. પણ ચણા; બાજરી, અને તલ પણ ઉગાડવામાં આવે છે.

વસ્તી—ઈ૦ સ૦ ૧૮૮૧ માં ૧૨૪,૦૦૦ હીંદુઓ, ૧૯,૦૦૦ જૈનો; અને ૩,૦૦૦ મુશલમાનો હતા. વસ્તીનો એક દશાંશ ભાગ બ્રાહ્મણોનો છે. વાણીયા અને મહાજન ઘણા છે. ઉત્તરે ઘણા મીણા અને દક્ષીણે ઘણા ભીલો છે, કે જેઓ લૂટપર પોતાનુ ગુજરાન કરે છે.

ઇતિહાસ—અહીંના અસલ રહેવાસી ભીલ લોક છે. પહેલ વહેલા રજપૂતો અહીં આવીને

વસ્યા તે ઘેલોટ જાતના હતા. તેઓની પછી પરમાર જાતના રજપૂતો આવીને વસ્યા કે જેઓની રાજધાની પ્રખ્યાત અને મોટું ચંદ્રાવતી સહેર હતું. ઈ૦ સ૦ ૧૧૫૨ ની લગભગમાં ચોહાણ રજપૂતોએ દગા પટકાથી પરમારના હાથમાંથી આપ્યુ લીધું. આખા રજપુતાણામાં સીરોહીની તરવારો પ્રખ્યાત છે.

રેલવે—"રજપુતાણા માલવા રેલવે" આ રાજના એક છેડાથી બીજા છેડા સુધી લાંબીને લાંબી ગયેલી છે.

કેળવણી—કેળવણી પાછલ ઝાઝું લક્ષ આપવામાં આવતું નથી. એ મુલકમાં સ્વદેશી ભાષા સીખવાની ત્રણ મુખ્ય સહેરોમાં નીશાળો છે. અને ઘણા ગામડામાં વાણીયા જાતીના

છોકરાઓને લખતા અને હીસાબ રાખતા સીખવવામાં આવે છે.

સીરોહી—એ રાજધાની શહેર છે ઈ૦ સ૦ ૧૮૮૧ માં આ સહેરમાં લગભગ ૬,૦૦૦ ની વસ્તી હતી. આ સહેરમાં રાજની મદદથી ચાલતું એક દવાખાનું છે.

આબુ—આબુ પર્વતપર એક સુંદર સરોવર અને ભવ્ય દેખાવના જૈન મંદીરો આવેલા છે. અહીં કેટલીક જમીન ઇંગ્રેજ સરકારને આરોગ્યતા વર્ધક મકાનો (સેનીટેરીયમો) બાંધવા માટે આપવામાં આવી છે.

પ્રકરણ ૮ મું.

ડુંગરપુરનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૧,૦૦૦ ચો. મા.; વસ્તી (૧૮૮૧) ૧૫૩,૩૮૧; ઉપજ રૂ. ૧૪૫,૦૦૦ ડુંગરપુરનુ રાજ્ય રજપુતાણાની દક્ષીણે, મેવાડ અને ગુજરાતની વચ્ચે આવેલું છે.

દેખાવ—આ મુલકનો ઘણો ભાગ નાના નાના ઝાડોથી ભરેલી પથ્થરવાળી ટેકરીઓ વાળો છે. ખેતીનું કામ ઘણુંખરૂં ખીણોમાં અને એ ટેકરીઓ વચ્ચે આવેલી નીચાણ જમીનમાં કરવામાં આવે છે. આ મુલકમાં કીમતી જંગલના બે ત્રણ કટકા છે.

કેળવણી—આ રાજ્યે પોતાના તરફથી

એકપણ નીશાળ સ્થાપી નથી. અને આ રાજમાં એકપણ પાકો બાંધેલો રસ્તો નથી.

ઇતીહાસ—આ દેશના રાજકર્તા જાતે સીસોદીયા રજપૂત છે. અને તેઓ ઉદયપુરના મહારાણાના કુટુંબની જુની મ્હોટી શાખાથી ઉતરી આવેલા છે.

ઇ. સ. ૧૧૯૩ માં ચીતોડના મહા રાવળ કરણે પોતાના મોટા છોકરા માહપને દેશપાર કીધો. અને તેણે ડુંગરપુરમાં રાજ સ્થાપ્યું. અકબર બાદસાહના સમય પહેલાં ડુંગરપુરના રાજા સ્વતંત્ર હતા. ઇ૦ સ૦ ૧૫૭૭ માં ડુંગરપુરની ગાદીપર રાવળ આશકરણજી હતો. તે અકબર બાદશાહની સાથે એક મોટી લડાઇ લડયા પછી તાબે થયો. ડુંગરપુરના રાજક

તીઓ ઔરંગઝેબ (ઈ૦ સ૦ ૧૭૦૭) ના મરણ સુધી બાદસાહને તાબે રહ્યા. પછી મરાઠાઓના જબરા હુમલાઓથી તેઓ મરાઠાઓને તાબે થયા. ઈ૦ સ૦ ૧૮૧૮ માં તેઓ ઈંગ્રેજોના રક્ષણ હેઠલ આવ્યા. દેશનો ઘણો ખરો ભાગ જાગીરદારોને તાબે છે.

લોકો અને ભાષા—અહીં મુખ્ય વસ્તી ભીલ અને રજપૂતોની છે. મુસલમાનો થોડા છે. ભીલ લોકોની અરધો અરધ વસ્તી છે. આ દેશની મુખ્ય ભાષા મેવાડી છે.

ડુંગરપુર —એ રાજધાની સહેર છે. એ આ રાજયની વાવ્ય દીશા તરફ આવેલું છે. એ કીલ્લા બંધીવાળું સહેર છે. એમાં રાજાનો રાજગઢ અને રાજ મહેલ છે.

—o—

પ્રકરણ ૯ મું.

—∘∘—∘∘—

વાંસવાડાનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૧,૫૦૦ ચો. મા.; વસ્તી (૧૮૮૧) ૧૭૫,૧૪૫; ઉપજ રૂ. ૨૫૯,૦૦૦.

વાંસવાડા ડુંગરપુરના રાજ્યની અગ્નેયી દીશાએ આવેલું છે. એની અને ડુંગરપુરની વચ્ચમાં મહી નદી આવેલી છે.

દેખાવ—આ રાજ્યનો પશ્ચીમ ભાગ ખુલ્લો અને સારા ખેતરોવાળો છે. એ સીવાયનો બાકીનો સઘલો પ્રદેશ ખડબચડા ટેકરા ટેકરી

વાલો અને નાની નાની ઝાડીઓના જંગલવાલો છે.

ઊપજ—કઠોલ, ચણા, શેરડી, અફીણ, રૂ, તબાકું વગેરે મુખ્ય પેદાશ છે.

લોકો—મુખ્ય વસ્તી બીલ લોકોની છે. તેથી ઉતરની રજપૂતોની છે. બીલ લોકો નાની ઝાડીઓથી ભરેલાં જંગલોમા રહે છે.

કેળવણી—કેળવણી ઘણી થોડી છે. આ દેશની મુખ્ય ભાષા મેવાડી છે. આ રાજમાં પાકા બાંધેલા રસ્તાઓ નથી.

ઇતિહાસ—અહીંના રાજકર્તા સીસોદીયા જાતના રજપૂત છે. અને તેઓ ડુંગરપુરના રાજકર્તા કુટુંબની નાની શાખાથી ઉતરી આવેલા છે. વાંસવાડાના રાજકર્તા મુગલ બાદ

સાહ અકબરને તાબે થયા ત્યાં સુધી સ્વતંત્ર હતા. ઈ૦ સ૦ ૧૫૭૭ માં સહેનસાહ અકબરે વાંસવાડાના રાવળ પ્રતાપસીંગને પોતાને તાબે થવાની ફરજ પાડી. ઔરંગઝેબના મરણ સુધી તેઓ બાદસાહને તાબે રહયા હતા. ત્યાર પછી મરેઠાઓના ઉપરા સાપરી હુમલા ઓ થવાને લીધે તેઓ મરેઠાઓને તાબે થયા. ઈ૦ સ૦ ૧૮૧૮ માં વાંસવાડાનું રાજ્ય ઇંગ્રેજ સરકારના રક્ષણ હેઠલ આવ્યું.

વાંસવાડા—એ રાજધાની સહેર છે. એ આ રાજયની પૂર્વ દીશાએ આવેલું છે. એ કીલ્લા બંધી સહેર છે. એ સહેર જાવરાના રેલવે સ્ટેશનથી પશ્ચિમે ૫૦ માઈલ દૂર આવેલું છે.

પ્રકરણ ૧૦ મું.

પ્રતાપગઢનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૧,૪૬૦ચો.મા.; વસ્તી (૧૮૮૧) ૭૯,૫૬૮; ઉપજ રૂ.૨૬૭,૪૦૮.

સીમા—પ્રતાપગઢનુ રાજ્ય વાંસવાડાની ઈશાણ દીશાએ આવેલું છે. એની ઉત્તર અને વાવ્ય દીશાએ મેવાડનું રાજ્ય આવેલું છે.

દેખાવ—આ દેશનો વાવ્ય દીશાનો ભાગ પહાડી છે; તે સીવાય આખો મુલક ખુલ્લો છે.

ઉપજ—અનાજ, અફીણ, રૂ, અને શેરડી એ મુખ્ય ઉપજ છે. દેશી કાપડ એ મુખ્ય

વેપાર છે. આ રાજમાં પાકા બાંધેલા રસ્તા નથી.

લોકો—મુખ્ય વસ્તી ભીલ અને રજપૂતો ની છે. ભીલો વાવ્ય દીશા તરફના પહાડી મુલકમાં વસે છે.

ઇતિહાસ—આ દેશના રાજકર્તા સીસોદીયા જાતના રજપૂત છે. તેઓ મેવાડના રાજકર્તા કુટુંબની નાની શાખામાંથી ઉતરી આવેલા છે. અહીંના રાજકર્તાના વડીલોમાંથી ઘણા ખરા બાદસાહીમાં સારા સારા ઓહ્‍દા ભોગવી ગયા છે. મહમદ સાહ (ઇ૦ સ૦ ૧૭૧૯–૪૮) બાદસાહના અહીંના રાજા સાલમસીંગ બહુજ માનીતા હતા. મોગલ બાદશાહીની પડતીના વખતમાં સાલમસીંગ ગુજરી

ગયા અને એના પછી એનો કુંવર સામતસીંગ ગાદીએ આવ્યો. એના વખતમાં મરેઠાઓ આ મુલકપર ઉપરા છાપરી હલ્લાઓ કરી મુલક લુટી ઉજાડ કર્યો. આથી કંટાળી જઈ સામતસીંગે મરાઠાઓનું ઉપરીપણું સ્વીકાર્યું. આ રાજ્ય ઈ૦ સ૦ ૧૮૧૮ ના કોલકરારથી અંગ્રેજ સરકારને તાબે થયું. ઉપજનો ઘણો ખરો ભાગ એના ૧૫૦ જાગીરદારો ખાય છે.

પ્રતાપગઢ—એ રાજધાની સહેર છે. ઈ૦ સ૦ ૧૮૮૧ માં અની વસ્તી લગભગ ૧૩,૦૦૦ ની હતી. એ એના મીના કારી કામ માટે પ્રખ્યાત છે. એ મંડુસરના સ્ટેસનથી પશ્ચીમ દીશાએ આસરે ૨૫ માઇલ દૂર આવેલુ છે.

પ્રકરણ ૧૧ મું.

કોટાનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૩,૭૯૭ચો.મા.; વસ્તી (૧૮૮૧)૫૨૬,૨૬૦; ઉપજ ૩૨,૪૦૦,૦૦૦.

કોટાનું રાજ્ય રજપુતાણાની પૂર્વે અને બુંદીથી અગ્નેયી દીશાએ આવેલું છે. એને બુંદીથી ચંબલ નદી જુદું પાડે છે. એની દક્ષીણે ઝાલાવાડનું રાજ્ય આવેલું છે.

દેખાવ—આ પ્રદેશ ઉત્તર બાજુએ માળવાની ઉંચી સપાટ જમીન તરફ ઢળતો જાય છે. એને ચંબલ નદી પાણી પુરૂં પાડે છે. આ રાજ્યની દક્ષીણ સરહદપર ડુંગરાની એક

હાર આવેલી છે જે એને ઝાલાવાડથી જુદું પાડે છે.

નદીઓ—ચંબલ એ મુખ્ય નદી છે. એ નદી એની અને બુંદીના રાજની વચમાંથી વહે છે અને આગ્રા પાસે જમના નદીમાં મળે છે. એ શીવાય બીજી નેવાજ વગેરે નદીઓ છે.

ઉપજ—અનાજ, રૂ, સેરડી, અને અફીણ એ મુખ્ય નીપજ છે.

વસ્તી—ઈ૦ સ૦ ૧૮૮૧ માં ૪૭૯,૧૦૦ હીંદુઓ; ૩૩,૦૦૦ મુસલમાનો; ૪,૭૫૦ જૈનો હતા. ઘણો ખરો સઘળાનો નીરવાહ જમીનની પેદાશપર છે. ખેડુતોનો મોટો ભાગ ભુખે મરતો છે.

ઇતિહાસ—અહીંના રાજકર્તા ચોહાણ જાતના હાડા શાખાના રજપૂત છે. કોટાનું રાજ

બુંદીના રાજની આડી ફાટેલી શાખા છે. એને અને બુંદીના રાજને હાડાવતી કહે છે. કે જે નામ આ દેશોમાં રાજ્યકર્તા હાડા જાતના રજપૂતો પરથી પડ્યું છે. ઈ૦ સ૦ ૧૬૨૫ ની લગભગમાં બુંદીના રાવ રતનના બીજા કુંવર માધુસીંગને તેની બહાદુરી માટે કોટાનું રાજ્ય બક્ષીસ આપવામાં આવ્યું હતું. જાલમસીંગે કોટાને રજપુતાનાના સૌથી મોટા રાજ્યોમાંનું એક બનાવ્યું. ઈ૦ સ૦ ૧૮૩૮ માં કોટાના રાજની તરફથી જાલમસીંગના વંશજોને ઝાલાવાડનું રાજ્ય આપવામાં આવ્યું. કોટામાં ઘણી જાગીર દારો છે.

કેળવણી—હજી સુધી કેળવણી ખાતું સ્થાપવામાં આવ્યું નથી. પણ મુખ્ય ગામોમાં નીશાળો છે કે જેમાની કેટલીકમાં જૈન ધર્મગુરૂ

તરફથી શીક્ષણ અપાય છે. આ રાજમાં ફક્ત એકજ ટપાલ ઑફીસ છે.

કોટા—એ રાજધાની સહેર છે. એ ચંબલ નદીપર આવેલું છે. આ સહેરની પૂર્વે એક મોટું બાંધેલું સરોવર છે, કે જે સહેરને પાણી પુરૂ પાડે છે. વસ્તી ઈ૦ સ૦ ૧૮૮૧ માં ૪૦,૦૦૦ ની હતી. આ સહેરમાં ઘણાં હીંદુ દેવાળયો અને કેટલીક મસજીદો છે. અહીં રાજની મદદથી ચાલતું એક દવાખાનું અને એક ઇંગ્રેજી નીશાળ છે.

પ્રકરણ ૧૨ મું.

બુંદીનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૨,૩૦૦ ચો. મા.; વસ્તી (૧૮૮૧)૨૫૪,૭૦૧; ઉપજ રૂ ૮ લાખની છે.

બુંદીનું રાજ્ય મેવાડ અને કોટાના રાજની વચ્ચે આવેલું છે. પણ એ રાજ્યના બીજા કેટલાક છુટા ભાગો એ હદની બહાર આવેલા છે.

દેખાવ—આ મુલકની આખી લંબાઇમાં બેવડી હારોવાળા ડુંગરાઓ આડા પડેલા છે. આં પ્રદેશમાં મોટા ભયંકર જંગલો આવેલા છે, જે સાલના નામથી ઓળખાય છે.

નદીઓ—ચંબલ એ મુખ્ય નદી છે. એ

નદી આ રાજ્ય અને કોટાના રાજ્યની વચમાં થઈને વહે છે અને આગ્રા પાસે જમના નદીને મળે છે.


ઉપજ—તમાકુ, સેરડી, રૂ, અફીણ અને અનાજ, એ મુખ્ય છે.

વસ્તી—વસ્તીનો મોટો ભાગ મીણા લોકોનો છે. ઈ૦ સ૦ ૧૮૮૧ માં ફક્ત ૯,૦૦૦ રજપૂતો હતા.

ઇતિહાસ—અહીંના રાજકર્તા ચોહાણ જાતના હાડા રજપૂત છે. આ રાજની સ્થાપના રાવદેવે કરી. રાવદેવાના વડવા હસ્તપાળને ઈ૦ સ૦ ૧૦૨૫ માં મુસલમાનો સાથેની લડાઈમાં હાર્યાથી આ સીર છોડી મેવાડમાં નાસી આવી વસવું પડ્યું. ઈ૦ સ૦ ૧૩૪૨ માં રાવદેવો

મેવાડમાંથી નીકળી બુંદીની બાજુમાં જઈ રહ્યો. અને તે બાજુના અસલ વતની મીણાઓને હરાવી ત્યાંથી હાંકી કાઢી, બુંદી નામે સહેર વસાવી તેને પોતાની રાજધાની કરી. ઈ૦ સ૦ ૧૫૩૩ માં બુંદીની ગાદીએ રાવ સુરજન બેઠો. અણે રણથંભોરનો કીલ્લો કબજે કર્યો. પણ થોડા વખત પછી તે કીલ્લો સંહનસાહ અકબરને આપવો પડ્યો અને પોતાને તેને તાબે થવું પડ્યું. અકબરે બુંદીના રાવને મહારાવ રાજાનો ખેતાબ આપ્યો. ઈ૦ સ૦ ૧૬૨૫ માં રાવ રતનના બીજા છોકરા માધુસીંગને જહાંગીર બાદસાહે કોટાનું રાજ્ય અપાવ્યું. આ રાજ્યને જયપુર અને મરાઠાઓથી ઘણું ખમવું પડ્યું છે. હાલ તે ઇંગ્રેજ સરકારને તાબે છે.

બુંદી—એ રાજધાની સહેર છે. વસ્તી આસરે ૨૧,૦૦૦ ની છે. એ સહેર કીલ્લા બંધી છે. એ સહેર એક ઉભી ટેકરીની એક બાજુપર બાંધેલું છે. આ સહેરમાં એક દવા ખાનું, એક ઇંગ્રેજી નીશાળ, બીજી દેશી નીશાળો અને એક ટપાલ આફીસ છે.



પ્રકરણ ૧૩ મું.

ઝાલાવાડનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૨,૬૯૪ ચો. મા.; વસ્તી (૧૮૯૧) ૩૪૩,૩૧૦; ઉપજ રૂ. ૧,૫૦૦,૦૦૦.

ઝાલાવાડનું રાજ્ય કોટાના રાજ્યની દક્ષીણે જુદા જુદા ત્રણ કટકાનું બનેલું છે.

દેખાવ—આ રાજનો મોટો ભાગ ટેકરીઓ વાળો છે. બાકીનો ઉંચો નીચો ફલદ્રુપ મેદાન છે. આ રાજની જમીનનો એકત્ર-તીયાંસ ભાગ ખેડવામાં આવે છે.

ઊપજ—હીંદુસ્તાનમાં સાધારણ રીતે થતું અનાજ-એ આ દેશનો મુખ્ય પાક છે. આ રાજના દક્ષીણ ભાગમાં અફીણ ઘણા જથ્થામાં ઉગાડવામાં આવે છે. ખેતરોને ઘણું ખરૂ કુવાથી પાણી પાવામાં આવે છે.

ઈતિહાસ—અહીંના રાજકર્તા ઝાલા જાત ના રજપૂત છે. તેઓના વડવા કાઠીઆવાડના નાના નાના રાજકર્તા હતા. અહીંના રાજકર્તાના વડવા જાલમસિંગે કોટાના રાજ્યને રજપુતાણાના સૌથી મ્હોટા રાજ્યોમાનું એક બનાવ્યું. ઈ૦ સ૦ ૧૮૩૮ માં કોટાના રાજાની મરજીથી જાલમસીંગે કરેલી મહેનતના બદલા માટે તેનાં વંસજોને ઝાલાવાડ પરગણું તે રાજથી જુદું પાડી આપવામાં પાડવામાં આવ્યું. અહીંના રાજાને મહારાજ રાણાનો ખેતાબ મળ્યો છે.

કેળવણી—કેળવણી પછાત છે; પણ સુધરતી જાય છે. પાંચ દવાખાના રાજની મદદથી ચાલે છે.

ઝાલરા પટાણ—એ રાજધાની શહેર છે. ઈ૦ સ૦ ૧૭૯૬ માં જાલમસીંગે એ શહેર વસાવ્યું. જેણે વળી શહેરથી ઉત્તરે ચાર માઈલ છેટે છાવણી સ્થાપી છે. મુખ્ય સરાફો ઝાલરા પાટણમાં રહે છે. મહારાજનો મહેલ અને રાજના મકાનો છાવણીમાં છે. ઈ૦ સ૦ ૧૮૮૧માં ૧૨,૦૦૦ વસ્તી હતી. અને ઈ૦ સ૦ ૧૮૯૧ માં ૨૦,૦૦૦ માણસની વસ્તી હતી.

પ્રકરણ ૧૪ મું.

કીશનગઢનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૭૨૪ ચો. મા.; વસ્તી (૧૮૮૧) ૧૧૨,૬૩૩; ઉપજ રૂ. ૩૫૭,૦૦૦ કીશનગઢનું રાજ્ય ઇંગ્રેજ સરકારના અજમેર પરગણાની ઈશાન દીશાએ આવેલું છે.

ઉપજ—મુખ્ય પેદાશ અનાજની છે. આ રાજના ઉતર ભાગમાં થઈને "રજપુતાણા માલવા રેલ્વે" જાય છે.

ઈતિહાસ—અહીંના રાજકર્તા રાઠોડ જાતના રજપૂત છે. હાલના રાજકર્તાનો મુળ પુરૂષ જોધપુરના રાજાનો બીજો કુંવર કીસન

સિંહ હતો. જેણે એ દેશ જીત્યો, અને એ ઈ૦ સ૦ ૧૫૯૪માં અકબરના ખરીતાથી અહીં રાજ ચલાવવા લાગ્યો.

કીસનગઢ—એ રાજધાની સહેર છે; એ "રાજપુતાણા માલવા રેલવે" નુ સ્ટેશન છે. જે નાના સરોવરપર મહારાજાનો ગ્રીષ્મરૂતુ બાગ આવેલો છે; તેના કીનારાપર એ શહેર આવેલું છે. આ શહેરમાં ઘણીક સરાફી પેઢી ઓ છે. ઈ૦ સ૦ ૧૮૮૨ માં મહારાજાએ એક ઇંગ્રેજી નીશાળ સ્થાપી છે. જેનો ઉપયોગ ઘણા વિદ્યાર્થીઓ લે છે.

પ્રકરણ ૧૫ મું.

ટોકનું રાજ્ય.

વિસ્તાર—વીસ્તાર ૨,૫૦૭ ચો. મા.; વસ્તી (૧૮૯૧) ૩૭૯,૩૩૦; ઉપજ રૂ.૧,૨૦૦,૦૦૦.


ટોંકનું રાજ્ય રજપુતાણાની પૂર્વે આવેલા ઘણા જુદા જુદા ભાગોનું બનેલું છે. રજપુતાણામાં આ એકજ મુસલમાન નવાબને તાબેનો મુલક છે.

ઇતિહાસ—અહીંના રાજકર્તા બોનૂર ટોળાના પઠાણ જાતના છે. મહમદસાહ ગાઝીના વખતમાં તાલાખાન નામના એક પઠાણે પો

ખાનો ઓનર મુલક તજ્યો; અને રોહીલ ખંડમાં આવીને ચાકરીએ રહ્યો. એના છોકરા હૈયત ખાનને મુરાદાબાદમાં કેટલીક જમીન મળી. ઈ૦ સ૦ ૧૭૬૮ માં એને ત્યાં ટોંકના રાજનો સ્થાપનાર અમીરખાન જનમ્યો. એણે એક નાના પગારદાર લશ્કરના ઉપરી તરીકે પોતાની જીંદગી શરૂ કરી. ઈ૦ સ૦ ૧૭૯૮ માં અમીરખાન હોલકર સરકારના મોટા સ્વતંત્ર લશ્કરનો ઉપરી થયો; જેણે એને ઈ૦ સ૦ ૧૮૦૬ માં ટોંકનું રાજ્ય આપ્યું. ઈ૦ સ૦ ૧૮૦૯ માં એણે ૪૦,૦૦૦ ઘોડેસ્વાર લશ્કર સાથે નાગપુરના રાજાપર ચઢાઈ કરી. એને ઇંગ્રેજ સરકાર તરફથી ચેતવણી આપવામાં આવી, અને એ પોતાના લશ્કર સાથે રજપુતાણા પાછો ફર્યો અને એના લશ્કરે એ દેશ લુટ્યો. ઈ૦ સ૦

૧૮૧૭ માં જ્યારે મારક્વીસ હેસ્ટીંગ્સે પીંઢારાને દાબી નાખ્યા ત્યારે તેણે એને એના લશ્કરને છુટું પાડવાની સરત ટોંકના નવાબ તરીકે સ્વીકાર્યો. જ્યારે એણે જોયું કે સામુ થવું ફોકટ છે ત્યારે તે એમ કરવા કબુલ થયો. અમીર ખાન ઈ૦ સ૦ ૧૮૩૪ માં મરણ પામ્યો.

ટોંક—એ રાજધાની શહેર છે. એ બનાસ નદીપર આવેલું છે. એ દીવાલથી ઘેરાયલું છે, અને એને માટીનો કીલ્લો છે. ઈ૦ સ૦ ૧૮૮૧ માં એની વસ્તી લગભગ ૪૧,૦૦૦ ની હતી.



પ્રકરણ ૧૬ મું.

કરોલીનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૧,૨૦૮ ચો.મા.; વસ્તી (૧૮૮૧) ૧૪૮,૬૭૦; ઉપજ રૂ.૪૭૭,૦૦૦.

કરોલીનું રાજ્ય રજપુતાણાની ઈશાન દીશાએ આવેલું છે. ચંબલ નદી એને અગ્નેયી દીશાએ ગ્વાલીયરના રાજ્યથી જુદું પાડે છે.

દેખાવ—આ મુલકનો ઘણો ખરો ભાગ ટેકરાવાળો અને ઉંચી નીચી જમીનવાલો છે. કેટલાક ટેકરાઓમાંથી ઈમારતો બાંધવાના સારા પથ્થરો મળી આવે છે. ફતેહપુર સીક્રીનો મહેલ અને પ્રખ્યાત તાજ મહેલનો કેટ

લોક ભાગ કરોલીના રેતી પથ્થરનો બાંધેલો છે. ઘણા ગામડામાં ઘરો તેમજ કેટલાક છાપરાઓ પણ એ પથ્થરના બાંધેલા હોય છે.

ઉપજ—બાજરો અને જુવાર એ મુખ્ય પાક છે. અને લોકોનો પણ એ મુખ્ય ખોરાક છે. અને કેટલેક દરજ્જે બીજી જાતના અનાજ પણ ઉગાડવામાં આવે છે. લોકોનો ઘણો ખરો ભાગ ખેતીમાં રોકાયલો હોવાથી અહીં કારખાનાઓ થોડા છે.

વસ્તી—મીણા આ રાજમાં ઘણાજ છે. બ્રાહ્મણો સંખ્યામાં બીજે નંબરે છે. તેઓ મુખ્ય કરી નાના વેપારી છે. તેઓ પોતાનો વેપાર નાના ભાર બરદારી જનાવરો કે જે તેઓના પોતાનાંજ હોય છે તેપર ચલાવે છે. રજપૂતો જો કે થોડા છે તોપણ તે રાજકર્તા કોમ

છે. હીંદુઓનો મુખ્ય ધર્મ કૃષ્ન પુજાનો છે. વસ્તીનો એક વીસાંસ ભાગ મુસલમાનનો છે. જેઓ મુખ્ય ત્વે પડાણ છે. તેઓ રાજના લશ્કરમાં સીપાહગીરીનું કામ કરે છે.

ઇતિહાસ—અહીંના રાજકર્તા યદુવંશી રજપૂત છે. તેઓ શ્રી કૃષ્નથી ઉતરી આવેલા જણાવે છે રાજકર્તા કુટુંબ સાથે અહીંના ઘણા યદુ વંશી ઠાકોરો જોડાયલા છે.

આ રાજ્યનો અસલનો ઇતિહાસ બીલકુલ અંધારામાં પડેલો જણાય છે. મોગલ સહેન સાતની પડતીની પહેલાનો આ રાજ્યનો ઇતિહાસ બરોબર જણાયલો નથી. મરેઠાઓના ઇતિહાસપરથી માલુમ પડે છે કે તેઓ પેશ્વા સરકારને ખંડણી ભરતા હતા. ઇ૦ સ૦ ૧૮૧૬ ના ઇંગ્રેજ સરકારના પેશ્વા સરકાર

સાથે પુનામાં થયલા તહનામાની પ્રમાણે એ રાજ ઇંગ્રેજ સરકારને તાબે થયું.

કેળવણી—કેળવણીની બાબતમાં આ રાજ પછાત છે.

કરોલી—એ રાજધાની સહેર છે. એ આગ્રાથી નૈરૃત્ય દીશાએ લગભગ ૭૫ માઇલ દૂર આવેલું છે. ઇ૦ સ૦ ૧૮૮૧ માં એની વસ્તી ૨૫,૬૦૦ ની હતી. બ્રાહ્મણ અને મહાજન એ આ શહેરમાં અગત્યની જાતો છે. સહેરના રસ્તાઓ સાંકડા અને વાંકા ચુકા છે. ઘરો રેતી પથ્થરના બાંધેલા છે. આ સહેરમાં ઘણા કીમત્તિ ઘરો અને ભવ્ય મંદીરો છે. છેલા મહારાજા જયપાળસીંગે પાકા રસ્તા બાંધવાની સરૂઆત કરી હતી. આ સહેરમાં એક ઇંગ્રેજી અને સાત દેશી નીશાળો છે.

પ્રકરણ ૧૭ મું.

ધોલપુરનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૧,૨૦૦ ચો. મા.; વસ્તી (૧૮૯૧) ૨૭૯,૮૯૦; ઉપજ રૂ. ૯૨૫,૦૦૦ ધોલપુરનું રાજ્ય રજપુતાંણાની ઈશાન દીશાએ અને આગ્રા પરગણાની દક્ષીણે આવેલું છે.

દેખાવ—એ રાજમાં રાતા પથ્થરના ખડકોની હાર આવેલી છે. એના ઉપરની જમીન ઉંચી છે. એનાથી જેમ દુર જતા જઈએ તેમ જમીન ફળદ્રુપ આવતી જાય છે.

ઉપજ—ધોલપુરનો મુખ્ય પાક અનાજનો છે.

વસ્તી—વસ્તીનો મોટો ભાગ હીંદુઓનો છે. બ્રાહ્મણો અને ચમાર ઘણાજ છે.

ઇતિહાસ—અહીંના રાજકર્તા જાટ જાતના છે. અસલ ધોલપુર કનોજના રાજનો એક ભાગ હતો એમ ધારવામાં આવે છે. સહેનશાહ અકબરના વખતમાં એને આગ્રા પ્રાંતનો એક ભાગ તરીકે ગણવામાં આવ્યો હતો. ઇ૦ સ૦ ૧૭૮૨ માં એ સીંધીઆને તાબે થયું. એણે ઘણીવાર પોતાના રાજા બદલાવ્યા છે. ઇ૦ સ૦ ૧૮૫૭ ના હીંદના મોટા બળવાની અસર ગ્વાળીયરમાં જણાયાથી ત્યાં રહેતા ઇંગ્રેજો પોતાના જાનમાલના બચાવ અર્થે ધોલપુર નાશી આવ્યા. અહીંના રાણા ભગવતસીંગે તેમને આશ્રય આપીને સારા બચાવ વાળી જગ્યામાં જવાને તેઓને બનતી મદદ આપી. એના દીવાન દેવીસીંગે એનાથી ઉલટો ચાલીને આગ્રા જીલાના ઘણા ગામો લુટ્યા; અને પોતે

ધોલપુરનો રાજા થવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આખરે ઇંગ્રેજ સરકારે તેને આ ગુનાહ માટે એના મરણ સુધી (ઇ૦ સ૦ ૧૮૬૨) એને બનારસ (કાસી)માં નજર કેદ રાખ્યો. હાલના રાજકર્તા મહારાજ રાણા નીહાલસીંગ બહાદુરની મા પતીયાળાના મહારાજાની બહેન થાય છે.

રસ્તા—આગ્રાથી મુંબઇ જતો મોટો રસ્તો આ રાજમાં થઇને જાયછે. 'સીંધીયા સ્ટેટ રેલવે" પણ આ રાજમાં થઇને જાય છે.

ધોળપુર—એ રાજધાની સહેર છે. ઇ૦ સ૦ ૧૮૮૧ માં એની વસ્તી લગભગ ૧૬,૦૦૦ ની હતી. એક સરોવર કે જે એ સહેરની નજદીક આવેલું છે, તેના કીનારાપર ૧૧૪ દહેરાં આવેલા છે.

પ્રકરણ ૧૮ મું.

—०००—

ભરતપુરનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૧,૯૭૪ ચો. મા.; વસ્તી (૧૮૯૧) ૬,૪૦,૬૨૦; ઉપજ રૂ ૨,૭૦૦,૦૦૦.

ભરતપુરનું રાજ્ય રજપુતાણાની ઇશાન દીશાએ આવેલું છે. અને એની પશ્ચીમે અલવરનું રાજ્ય આવેલું છે. રજપુતાણાના રાજ્યોમાં એ સૌથી વધારે ગીચ વસ્તીવાળું છે.

દેખાવ—આ પ્રદેશ ઘણોખરો સપાટ છે. પણ કેટલીક નાની નાની ટેકરીઓ આવેલી છે.

દીલ્હી. આગ્રા અને મથુરામાંના સૌથી સુંદર ઘરોમાંના ઘણા ભરતપુરના પથ્થરથી બાંધેલા છે.

વસ્તી—વસ્તીનો એક છઠ્ઠાંસ ભાગ મુસલમાનોનો છે. અને બાકીના ઘણાખરા હીંદુઓ છે. આ પ્રદેશ વ્રજ (કૃષ્ણ ભગવાનનો પ્રદેશ)ના નામથી પણ ઓળખાય છે, અને અહીં બોલાતી ભાષા વ્રજ ભાષાને નામે ઓળખાય છે.

ઇતિહાસ—ભરતપુરના જાટો તોફાની તરીકે ઘણા વખત સુધી પંકાયલા છે. મોગલોની પડતીની વખતે બદનસીંગને જાટોના સરદાર તરીકે ઠાકોરના ખેતાબ સાથે દીગ ખાતે જાહેર કરવામાં આવ્યો. એના દીકરા સુરજમલના વખતમાં એના રાજ્યમાં ઘણો

વધારો કરવામાં આવ્યો. ઇ૦ સ૦ ૧૭૬૩ માં સુરજમલ પાંચ છોકરા મુકી માર્યો ગયો; જેમાં ના ત્રણ જણાએ એક પછી એક એમ રાજ કર્યું; એ છોકરા માહેલો એક રણજીતસીંગ ઇંગ્રેજ સરકારને મળી ગયો અને એણે ઇ૦ સ૦ ૧૮૦૩ ની મરાઠાઓની મોટી લડાઈમાં ભાગ લીધો હતો. એણે ઇંગ્રેજ લશ્કર સામે ગોળી માર ચલાવી તેથી ઇ૦ સ૦ ૧૮૦૫ માં લાર્ડ લેકે ભરતપુરને ઘેરો ઘાલ્યો. શહેરનો ઘેરાવો ૮ માઇલનો હતો. એના બચાવ માટે એની ચારે પાસ ઉંચી મજબુત દીવાલો અને ઉંડી પાણીથી ભરેલી ખાઈઓ છે. જો કે ચાર હલ્લા પાછા વાળવામાં આવ્યા તોપણ છેલ્લે રાજા તાબે થયો. ઈ૦ સ૦ ૧૮૨૬ માં લાર્ડ કમ્બરમીયરે બલવંતસીંગ જે ખરો ગાદીવારસ હતો

તેને ગાદીએ બેસાડવા માટે એ કીલ્લો જીતી લીધો. બલવંતસીંગ ઇ૦ સ૦ ૧૮૫૩ માં મરણ પામ્યો. તે પછી તેનો એક પુરો દીકરો મહારાજા સવાઇ જસવંતસીંગ બહાદુર ગાદીએ આવ્યો. તે ઇ૦ સ૦ ૧૮૯૩ માં મરણ પામ્યો.

રસ્તા—આ રાજમાં સારા રસ્તાઓ છે. અને રજપુતાણા માલવા રેલવે આ રાજમાં થઇને જાય છે.

કેળવણી—રાજધાની સહેરમાં એક મોટી ઇંગ્રેજી સ્કુલ અને બીજી કેટલીક નાની નાની ઇંગ્રેજી સ્કુલો છે. અહીં તેર દવાખાના અને એક મોટી ઈસ્પીટાલ છે.

ભરતપુર—એ રાજધાની શહેર છે. એ આગ્રાથી ૩૫ માઇલ દૂર આવેલું છે. એની

વસ્તી ઈ૦ સ૦ ૧૮૯૧ માં ૬૭,૦૦૦ ની હતી. હાલનો કીલ્લો ઈ૦ સ૦ ૧૭૩૩ માં બદનસીંગે બાંધ્યો હતો. આ શહેરનું નામ ભરતપરથી આપવામાં આવ્યું છે. અને એનો બચાવનાર શ્રી કૃષ્ણ છે, એમ ધારવામાં આવે છે; જેની અહીં બીહારીના નામથી પુજા કરવામાં આવે છે.



પ્રકરણ ૧૯ મું.

—०○०○—

અલવરનું રાજ્ય.

વીસ્તાર—વીસ્તાર ૩,૦૨૪ ચો. મા.; વસ્તી (૧૮૯૧) ૭,૬૯,૦૮૦ ઉપજ ૩૨,૬૫૮,૦૦૦ અલવરનું રાજ્ય રજપુતાણાની ઉત્તરે અને ભરતપુર અને જયપુરના રાજ્યની વચ્ચે આવેલું છે.

દેખાવ—પથ્થરવાળી ટેકરીની હારો સામ સામી ઉત્તર અને દક્ષીણમાં આવેલી છે. આ પ્રદેશનો અડધા કરતા વધારે ભાગ ખેતીવાડીના કામમાં વાપરવામાં આવે છે.

ધંધો—લોઢું કાગળ અને હલકી જાતના કાચ એ મુખ્ય ધંધો છે:

વસ્તી—વસ્તીનો પોણા કરતાં વધારે ભાગ હીંદુઓનો છે. અહીં મીયા જાતના લોક ઘણા મલી આવે છે. તેઓ અસલ રજપૂત હોવાનો દાવો કરે છે. પણ હાલ તેઓ સઘળા મુશલમાનો છે. પણ તેઓ હીંદુઓની આમદેવીઓને માને છે, અને મુશલમાન તહેવાર સાથે હીંદુના ઘણા તહેવારો પાળે છે.

રેલવે—રજપુતાણા માલવા રેલવે આ રાજ્યમાં થઇને પસાર થાય છે.

કેળવણી—અહીં ત્રણ દવાખાના અને ચાર રાજ તરફની છોકરીઓની નીશાળ સાથે ઘણી નીશાળો છે.

ઇતિહાસ—અસલ એ રાજ્ય જયપુર અને ભરતપુર તાબેની નાની નાની ઠકરાતનું બનેલું હતું. હાલના રાજકર્તાનો મૂલ પુરૂષ પ્રતાપસીંગ ઇ૦ સ૦ ૧૭૭૫ ની લગભગમાં

હાલના રાજ્યના અરધા દક્ષીણ વીભાગનો સ્વતંત્ર રાજા થયો. ઈ૦ સ૦ ૧૭૭૬ માં એણે ભરતપુર પાસેથી અલવરનો કીલ્લો અને સહેર જીતી લીધા. એના પછી એનો દત્તક પુત્ર બખ્તાવરસીંગ ગાદીએ આવ્યો. એ ઈ૦ સ૦ ૧૮૦૩ થી ૧૮૦૫ ની મોટી મરાઠા લડાઈમાં ઇંગ્રેજની સાથે જોડાયલો હતો. એ લડાઇ પછી એને હાલના રાજનો ઉતર વીભાગ મળ્યો, જેથી કરીને એના રાજની ઉપજ સાત લાખ પરથી દશ લાખ સુધી વધી. હાલના રાજકર્તા નરૂક જાતના રજપૂત છે.

અલવર—એ રાજધાની સહેર છે. એની વસ્તી ઈ૦ સ૦ ૧૮૯૧ માં લગભગ ૫૨,૦૦૦ ની હતી. બખ્તાવરસીંગનો મહેલ અને સભા ધા એ મુખ્ય જોવા લાયક મકાનો છે.

પ્રકરણ ૨૦ મું.

રજપુતાણાના રાજાઓ—સને ૧૮૯૧.

સંસ્થાન.	દરબારનું નામ.	દરબારની જ્ઞાતી	વીસ્તાર.	ઉપજ.	વસ્તી.
			ચો. મા.	રૂ.	
મેવાડ અથવા ઉદયપુર.	મહારાણા ફ્તેહસીંગજી બહાદુર.	સીસોદીયા રજપૂત.	૧૨,૬૭૦	૩,૭૫૦,૦૦૦	૧,૮૩૨,૪૨૦
જયપુર.	મહારાજા માધુસીંગ બહાદુર.	કચ્છવાડ રજપૂત.	૧૪,૪૬૫	૬,૧૦૦,૦૦૦	૨,૮૨૪,૪૮૦
જોધપુર.	મહારાજા જસવંતસીંગ બહાદુર.	રાઠોડ રજપૂત.	૩૭,૦૦૦	૪,૧૫૦,૦૦૦	૨,૫૨૪,૦૩૦
બીકાનેર.	મહારાજા ગંગાસીંગ બહાદુર	,, ,,	૨૨,૩૪૦	૧,૮૦૦,૦૦૦	૮૩૧,૨૧૦
જેશલમેર.	મહારાવલ સાલીવહાન બહાદુર.	યદુ ભટ્ટી ,,	૧૬,૪૪૭	૧૫૮,૦૦૦	૧૦૮,૧૪૩
સીરોહી.	મહારાવ કેસરીસીંગ બહાદુર.	ચોહાણ ,,	૩,૦૨૦	૧૭૫,૦૦૦	૧૪૨,૯૦૩
ડુંગરપુર.	મહારાવલશ્રી ઉદયસીંગ બહાદુર.	સીસોદીયા ,,	૧,૦૦૦	૧૪૫,૦૦૦	૧૫૩,૩૮૧
વંસવાડા.	મહારાવલ શ્રી લક્ષમનસીંગ બહાદુર.	,, ,,	૧,૫૦૦	૨૫૯,૦૦૦	૧૭૫,૧૪૫
પ્રતાપગઢ.	મહારાવલ રઘુનાથસીંગ બહાદુર.	,, ,,	૧,૪૬૦	૨૬૭,૪૦૮	૭૯,૫૬૮
કોટાહ.	મહારાવ ઉમેદસીંગ બહાદુર.	હાડા ,,	૩,૭૯૭	૨,૪૦૦,૦૦૦	૫૨૬,૨૬૦

રજપુતાણાના રાજાઓ—સને ૧૮૯૧.

સંસ્થાન.	દરબારનું નામ.	દરબારની જ્ઞાતી	વીસ્તાર.	ઉપજ.	વસ્તી.
			ચો. મા.	રૂ.	
ઝાલાવાડ.	મહારાજ રાણા જાલમસીંગ બહાદુર.	ઝાલા „	૨,૬૯૪	૧,૫૦૦,૦૦૦	૩૪૩,૩૧૦
બુંદી.	મહારાવ રાજા રઘુબીરસીંગ બહાદુર.	હાડા „	૨,૩૦૦	૮૦૦,૦૦૦	૨૫૪,૭૦૧
કીશનગઢ.	મહારાજા ધીરાજ સરદાર સીંગ બહાદુર.	રાઠોડ „	૭૨૪	૩૫૭,૦૦૦	૧૧૨,૬૩૩
ટોંક.	નવાબ મહમદ ઈબ્રાહીમ અલી.	મુશલમાન પઠાણ.	૨,૫૦૯	૧,૨૦૦,૦૦૦	૩૭૯,૩૩૦
કરોલી.	મહારાજ ભનવાર પાલદેવ બહાદુર.	યદુ રજપુત.	૧,૨૦૮	૪૭૭,૦૦૦	૧૪૮,૬૭૦
ધોલપુર.	મહારાજ રાણા નીહાલસીંગ બહાદુર.	જાટ.	૧,૨૦૦	૬૨૫,૦૦૦	૨૭૯,૮૮૦
ભરતપુર.	મહારાજ સવાઈ જસવંતસીંગ બહાદુર.	„	૧,૯૭૪	૨,૭૦૦,૦૦૦	૬૪૦,૬૨૦
અલવર.	મહારાજ સવાઈ મંગળસીંગ બહાદુર.	નરૂક રજપુત.	૩,૦૨૪	૨,૬૫૮,૦૦૦	૭૬૯,૦૮૦